[illegible]
[illegible]

[illegible]

# श्री ऋषभदेव स्वामीनुं चरित्र.

## तेर भवना संबंध साथे.

પેહેલે ભવે આ જંબુદ્વીપને વિશે મહાવિદેહક્ષેત્રમાં સુપ્રતિષ્ઠિત નગરને વિશે પ્રીયંકર નામે રાજા રાજ્ય કરે છે તે નગરને વિશે મહોટો ધનાઢ્ય ધન્નો નામે એક સાર્થવાહ રહે છે. એકદા તે સાર્થવાહ વસંતપુર નગરે જવાને તૈયાર થયો, ત્યારે નગરમાં પડહો વજડાવ્યો કે, જે કોઈને વસંતપુર જવું હોય તો તેણે મહારી સાથે આવવું. અને તેનો હું નિર્વાહ કરીશ. તે સાંભળી ઘણા લોકો તેની સાથે જવાને તૈયાર થયા, તે મોટો સાર્થવાહ થયો.

હવે તે નગરમાં શ્રી ધર્મઘોષસૂરી પાંચસે સાધુ સાથે રહેલા તેમને પણ યાત્રા કરવાને અર્થે વસંતપુર જવાની ઇચ્છા થઇ ના સાર્થવાહની પાસે આવીને ધર્મલાભ આપીને બોલ્યા કે, વાહ જો તમારી ઇચ્છા હોય તો, અમે પણ વસંતપુર જ- અર્થે તુમારી સાથે આવીએ ત્યારે ધન્નો બોલ્યો જે હે સ્વા- મી સુખેથી મહારી સાથે પધારો. તેવારે આચાર્ય પણ તેની સાથે ચાલ્યા. હવે માર્ગે જતાં એક દિવસ શેઠને ફરીનુ ભેટણું આવ્યું, ત્યારે તે સાધુને આપવા માંડ્યું, પણ તે સાધુએ સચીત જાણીને લીધું નહીં. હવે સથવારો ધીમે ધીમે થોડા થોડા કોસ દરરોજ ચા-

ના જાય છે, તેથી માર્ગમાંજ ચોમાસું આવી ગયું, વરસાદ ઘણો થવાથી નદી નાળાં ભરાઇ ગયાં, તેણે કરીને પંથીઓને ચાલવાનો માર્ગ રોકાઇ ગયો, ને હરી પ્રમુખ જીવોની ઉત્પત્તિ થઈ. ઘણા કાદવે કરી લોકો ચાલી શકે નહીં, તેવારે સાર્થવાહ એકઠો થઇ ડેરા તંબુ આપીને જંગલમાંજ રહ્યો. અને આચાર્ય માહારાજ પણ એક પર્વતની ગુફામાં નિરવદ્યસ્થાનક દેખીને પાંચસેં સાધુ સહિત માસખમણની તપસ્યા કરી ચોમાસુ રહ્યા થકા, ધર્મધ્યાન પ્રત્યે પ્રવર્ત્યા; એમ કરતાં સથવારાના લોકો પાસે સંબલ ( ખોરાક ) ખુટી પડ્યું, તેથી સર્વ લોક કંદમૂલ ફળાદિકનો આહાર કરી દિવસ નિર્ગમન કરવા લાગ્યા; તેથી સાધુઓને પણ પારણે શુદ્ધમાન આહાર મળે નહિ. એમ કરતાં કેટલાએક દિવસે તિહાં ભાટ આવ્યો, તે શેઠને ખુશી કરવા માટે સુભાષિત કહીને બોલ્યો કે, હે શેઠ ! મોટા પુરૂષ જે વાત અંગીકાર કરે તે પાર પાડે, પણ અધવચ મુકે નહીં, તે સાંભળીને શેઠે ધર્મઘોષસૂરીને યાદ કરી વિચારવા લાગ્યો કે અરે માહારા કહેવાથી સાધુઓ માહારી સાથે આવ્યા. અને મેંતો એક દિવશ પણ તેમની સાર સંભાળ લીધી નથી, માટે તેઓનો વિશ્વાસઘાતી હું થયો, તો હવે પ્રભાતે એમની પાસે જઈ ખમાવું. એમ વિચારી પ્રભાતે ધર્મઘોસસૂરી પાસે જઈ વંદના કરીને લજ્જાથી મુખ નીચું કરી બેઠો અને વિનંતી કરવા લાગ્યો જે હે સ્વામી ! આપ માહારો અપરાધ ખમજો. મેં આપની કોઇ વખતે પણ નિગાહ કરી નથી, હે મહારાજ ! લોકનું સર્વ સંબલ ક્ષીણ થયું છે, આપ મુજને કાંઇ આજ્ઞા કરો. (હુકમ

ફરમાવો ) તેવારે આચાર્ય કહે જે હે સાર્થવાહ ! અમારા માટે તમે કાંઇ પણ ચિંતા કરશો નહીં, અમારે તો સુખે ધર્મધ્યાન થાયછે. તમારા સાથના યોગે અમે ઘણી અટવી ઓલંઘન કરી તેમાં તમે અમારી વાત્સલ્યતા કરી એવું સાંભળી તે સાર્થવાહ ખુશી થયો અને સર્વ સાધુઓને આહારની નિમંત્રણા કરી સાથમાં લઇ આવ્યો. પછી પોતાની પાસે શુદ્ધ આહારે ઘૃતના કૂંપા હતા તે સાધુઓને ઘણા જ ઉલટથી વહોરાવતા થકે અત્યંત ભાવની વૃદ્ધિ થવા માંડી તેથી સમકિત પામી પોતાના આત્માને નિર્મળ કર્યો. પછે વર્ષાકાળ વિત્યા કેડે વસંતપુરે આવ્યા. ધર્મઘોસસૂરી પણ ધન્ના સાર્થવાહને ધર્મલાભ દેઇને તિર્થયાત્રા કરવા ગયા. ધન્નો પણ ઘણો વખત સમકિત પાળી અંતે શુભ ધ્યાને મરણ પામ્યો એ તેમનો પેહેલો ભવ જાણવો.

બીજા ભવે ઉત્તર કુરૂક્ષેત્રે જઇ યુગલીયામાં ઉપન્યા. તિહાં ત્રણ પલ્યોપમનું આયુષ્ય ભોગવી મરણ પામ્યા.

ત્રીજે ભવે સૌધર્મદેવલોકે દેવતા થયો.

ચોથે ભવે દેવલોકથી ચવીને પશ્ચિમ માહાવીદેહે ગંધિલાવતી નગરીના વિજયસિતબલ રાજાની ચંદ્રકાન્તા રાણીના મહાબલ નામા પુત્ર થયા, પરંતુ મહા વિષયી, ભોગપુરંદર થયા, વિનયવતી પ્રમુખ ઘણી રાણીઓ છે, તેમની સાથે વિષયસુખ ભોગવવામાં મગ્ન રહે છે, અને ધર્મની વાત પણ ન જાણે, સર્વથા ગીત, ગાન, માન તથા નાટક ચેટકને પ્રિયકારી જાણે છે. એમ મહા મોહરૂપી નિદ્રામાં કાળ ગુમાવતાં એક દિવસને સમાજોગે નાટક પણ થઇ રહ્યું છે, તે વખતે સુબુદ્ધિનામા પ્રધાને રાજાને પ્રતિબોધવા સારૂ એક ગાથા નીચે મુજબ કહી.

**गाथा–सबं विलंवियं गीग्रं, सबं नट्टं विडंबणा ॥**
**सबे ग्राभरणा भारा, सबे कामा दुहावहा॥**

**અર્થ**—એ સર્વ ગીત જે છે તે વિલાપાત કરવા જેવાં છે. સર્વ નાટક જે છે તે વિટંબના સરખાં છે. સર્વ આભરણ જે છે તે ભાર સમાન છે, અને એ સર્વ કામભોગ જે છે તે દુઃખદાઇ છે.

એ ગાથા સાંભળી રાજા બોલ્યો કે હે પ્રધાન ! તુમે વિના પ્રસ્તાવે આ વૈરાગ્ય ઉત્પન્ન કરનારી ગાથા કેમ કહી ? " **यत्र सरागस्त त्रविराग कथं ? यत्र विराग स्तत्र सरागः कथं यत्र श्रीरर्थः तत्रअ श्रीरर्थः कथं ॥** માટે હે મંત્રી ! વિના પસ્તાવે આ વાત શા કામની ? ત્યારે પ્રધાન કહે કે મેં આ વાત પસ્તાવેજ કહી છે, કારણ કે આજ મને કેવળી ભગવાન મળ્યા તેમણે કહ્યું કે તમારા રાજાનું આવખું એક માસનું રહ્યું છે, તેથી હું આપને ચેતવણી આપુછું. એ વાત સાંભળી રાજા ચમક્યો થકો મંત્રી પ્રત્યે કહેવા લાગ્યો કે હું તો મોહનિદ્રામાં સુતો હતો, પરંતુ તેં સુતાને જગાડ્યો તો ખરો, પણ આગ લાગીને કુવો કેમ ખોદાય ? તેમ હવે એક માસનું આયુષ્ય રહ્યું, તેમાં શું ધર્મ સાધન થાય ? તે વારે પ્રધાને કહ્યું કે હે રાજન તમો વિખવાદ કરશો નહીં કારણ કે એક દિવશ, ચારિત્ર પણ મોક્ષને દેવાવાળું થાય છે અને જો મોક્ષ પ્રાપ્તી ન થાય તોપણ દેવતાના સુખને તો આપે છેજ. તે સાંભળી પુત્રને રાજ્ય આપી સાતેક્ષેત્રે

धन वावरी सुगुरु महाराज पासे चारित्र लेइ चोत्रीस दिवस चारित्र पाळी अंते अनशन करी काळ कर्यो.

पांचमे भवे इशानदेवलोके प्रभवनामा विमानने विशे ललितांगनामा सामानिक देवता थया, त्यां स्वयंप्रभानामा देवीनी साथे सुख भोगवी आयुष्य पूर्ण कर्युं.

तिहांथी चवीने छठ्ठा भवे जंबुद्वीपे पूर्व महाविदेहे पुष्कळावती विजये लोहार्गल नगरने विशे सुवर्णजंघराजानी लक्ष्मीवती राणीनो वज्रजंघनामा पुत्र थयो अने स्वयंवप्रभादेवी पण विजयेपुंडरीक नगरीए वज्रसेनानामा चक्रवर्तीनी श्रीमतीनामा पुत्री थइ, ते योवन अवस्था पामीथकी एक दिवसे चंद्रोदय सभामां बेठी छे ते समये कोई साधुने केवळज्ञान उपज्युं छे, तेमने देवताओ वांदवा आवे छे, ते देवोने देखी एने पण जातिसमरणज्ञान उपन्युं, तेवारे विचार्युं जे मारो पूर्व भवनो भर्तार ललितांगनामा देवतानो जीव क्यां उपज्यो हशे ? ते मळे अने हुं एने परणुं तो सारुं थाय, एम विचारी मौनपणे रही. माता पिताए अनेक उपचार कर्या, पण बोले नही, पछे धाई माताए एकांते वात पूछी तेवारे कुमरीए तेने एक कागळ उपर चित्राम करी कुंवर आलेखी आप्यो, अने धाइए पणते चीत्रपट राजाने दीधो. पछी तेना पिता वज्रसेन चक्रवर्तीना वर्ष महोत्सवे अनेक राज्यपुत्रो आव्या अने ते धाइ पण ते दिवसे चित्रपट लेइ राजमार्गे बेठी, अने राज्यकुमारो पण ते चित्रपटने देखता जाय छे, तेवारे वज्रजंघ पण ते चित्र देखी जातिस्मरण पाम्यो अने कहेवा लाग्यो के आ चित्र तो माहारी पूर्व

ભવની આ સ્વયંપ્રભાદેવીનું ચિત્રેલું છે, એ વાત ધાઇ માતાએ શ્રીમતિને કહી. પછી શ્રીમતી વજ્રજંઘ કુંવરને પરણી સુખે સમાધે રહે છે, (બીજી પ્રતોમાં દેવોને દેખી જાતી સ્મરણ પામી અને કેવળી મહારાજે વજ્રજંઘ નામ કહ્યું. પછી ચક્રવર્તીએ વજ્રજંઘને પરણાવી. વળી કોઇમાં ચિત્રપટ બનાવીને કહ્યું કે એના સ્વરૂપને જે કહે તેને હું પરણું. તત્ર કેવળી જાણે ) એકદા સૂવર્ણજંઘે પોતાના પુત્ર વજ્રજંઘને રાજ આપી પોતે દીક્ષા લીધી, પછી વજ્રજંઘે પણ શ્રીમતી રાણી સહીત ગોખમાં બેઠાં થકાં સંધ્યા ફૂલી દેખીને વળી વિલય થઇ જોઈ તેવારે વિચાર્યું કે સર્વે વિલય થવાની વસ્તુઓ તો આ સંસારમાંજ છે માટે ચિંતવ્યું કે પ્રભાતે પુત્રને રાજ્ય આપી દીક્ષા લેઇશું તે સમયે પુત્રે પણ રાજ્યના લોભે કરીને ઝેરનો ધુમાડો કરી રાજા રાણી સમેતને વિષપ્રયોગે માર્યા.

સાતમે ભવે રાજા રાણી બંને ઉત્તરકુરૂક્ષેત્રને વિશે યુગલીયાં થયાં—

આઠમા ભવે સૌધર્મ દેવલોકને વિશે મિત્રપણે દેવતા થયા.

ત્યાંથી ચવી નવમા ભવે જંબુદ્વિપને વિશે મહાવીદેહક્ષેત્રે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરે સુવિધિનામા વૈદ્યનો જીવાનંદનામા પુત્ર થયો. તે દિવસે તે નગરીએ બીજા પણ ચાર જીવ પુત્રપણે અવતર્યા, એક પ્રસન્નચદ્ર રાજાનો પુત્ર મહિધર, બીજો સુનાસીરનામા પ્રધાનનો પુત્ર સુબુદ્ધિ, ત્રીજા ધના શેઠનો પુત્ર ગુણાકર, ચોથો સાગરનામા શેઠનો પુત્ર પૂર્ણભદ્ર થયો. હવે શ્રીમતિનો જીવ સૌધર્મ દેવલોકથી ચવીને ઇશ્વર દત્તનો પુત્ર કેશવ થયો, એ પાંચે જીવાનંદના પર્મમિત્ર છે. એ છએ મિત્ર સાથે મળી જમતા, રમતા થકા

સુખે કાળ નિર્ગમન કરે છે, એક દિવશે જીવાનંદને ઘેર તે છએ જણા બેઠા છે એટલામાં એક કોઢીઓ સાધુ ગોચરી કરવા આવ્યા તેમને દેખીને તે પાંચે મિત્ર એકઠા થઇને વૈદ્યપુત્રને કહેવા લાગ્યા જે અરે ! વૈદ્ય તો મતલબીઆ થાય છે, જો પુન્યને અર્થે વૈદું કરતા હો તો આ સાધુનો કોઢ રોગ મટાડી આપો, ત્યારે અમે પણ જાણીએ કે તમે ધર્માત્મા છો. તે સાંભળી જીવાનંદ વૈદ્ય બોલ્યો જે હે મિત્રો ! તુમે માહારી વાત સાંભળો, આ સાધુનો રોગ મટાડવા માટે લક્ષપાક તેલ જોઇશે તેતો માહારા ઘરમાં તૈયાર છે પણ રત્નકંબલ તથા ગોશીર્ષ ચંદન ખપશે તે માહારી પાસે નથી. માટે એ બે ચીજો ક્યાંઇથી પેદા કરો તો સાધુ મહારાજની વૈયાવચ્ચ કરીએ. એ વાત સાંભળી તે છએ જણે મળી અઢી લાખ સોનૈયા ભેગા કીધા. પછે તે છએ મિત્ર મળી નગરશેઠને ઘેર જઇ સોનૈયા આપી કહ્યું કે એક રત્નકંબળ અને બીજો ગોશીર્ષ ચંદન એ બે ચીજ અમને આપો. શેઠે પુછ્યું જે તમો એને શું કરશો ? તેમણે કહ્યું કે અમે સાધુ મહારાજની વૈયાવચ્ચ કરીશું. તે સાંભળી શેઠે વિચાર્યું કે એ બાળકો છતાં પણ કેવા ધર્મીષ્ટ છે અને હું આટલો મોટો વૃદ્ધ થયો છતાં પણ હજી સુધી કાંઇ ધર્મમાં સમજતો નથી એમ ચિંતવીને શેઠે સોનૈયા તો ધર્માદા વાપરી નાંખ્યા, અને રત્નકંબળ તથા ગોશીર્ષચંદન તેમને આપીને પોતે દીક્ષા લીધી. અને અંતગઢ કેવળી થઇને મોક્ષે ગયા. હવે તે ઔષધ લેઇ વનમાં ગયા તિહાં મુની કાઉસ્સગમાં ઉભા રહ્યા છે તેને " **અનુંજાનીં ધ્વં** " એવું કહી ચામડા ઉપર મુની માહારાજને સુવારીને લક્ષપાકતેલ મસળ્યું, પછી ચંદનનો લેપ કરી રત્નકંબળમાં

લપેટી લીધા તિહાં પહેલી વારમાંતો તે સર્વ ચામડીમાં જે કાંઇ કીડા હતા તે સર્વ કંબળમાં લાગ્યા તેને ગાયના મૃત કલેવરમાં મુકયા, ને ફરી તેલ મસળ્યું તેની ઉપર ચંદન લગાવી રત્નકંબળથી વીંટયા ત્યારે માંસ માંહેલા કીડા નિકળી પડયા, તેમજ ત્રીજી વાર પણ કરયું તે વખત હાડ (હાડકા) માંહેના કીડા પણ નિકળી પડયા. પછે રોહિણી ઔષધ સાધુના શરિરે લગાડી તેમનું શરીર કંચન સરખું કરી મુકયું. પછે તે છએ મિત્રે રત્નકંબળાનું દ્રવ્ય સાત ક્ષેત્રમાં ખરચીને દીક્ષા લીધી. નિરતીચાર ચારિત્ર પાળીને આયુષ્ય પૂર્ણ કર્યું.

દસમે ભવે તે છએ જણા બારમા દેવલોકે દેવપણે જઇ ઉપન્યા અને તે છએ દેવ મિત્ર થયા.

અગીયારમે ભવે બારમા દેવલોકથી ચવીને જંબુદ્વિપના માહાવીદેહક્ષેત્રે પુષ્કળાવતી વિજયે પુંડરીકિણી નગરીને વિશે વજ્રસેન રાજાની ધારણીનામે રાણીની કુખે તે છમાંથી પાંચ જણ અનુક્રમે પુત્રપણે આવી ઉપન્યા તેમાં જીવાનંદ વૈદ્ય તે ધન્ના સાર્થવાહનો જીવ છે તે ચૌદ સુપન સૂચિત માતાની કૂખમાં ઉપન્યા તે જન્મ્યા પછી માતા પિતાએ તેનું નામ વજ્રનાભ આપ્યું. એ જીવ ઋષભદેવજી થવાનો છે અને હમણાં ચક્રવર્તીપણે ઉપજ્યો છે. બીજો રાજાનો પુત્ર મહિધરનો જીવ, તે બાહુનામે થયો, ત્રીજો મંત્રીનો પુત્ર સુબાહુ નામે થયો, ચોથો શેઠનો પુત્ર ગુણાકરનો જીવ, પીઠનામે થયો, અને પાંચમો સાર્થવાહનો પુત્ર પુર્ણભદ્રનો જીવ, માહાપીઠ નામે થયો. એ પાંચ તો ભાઇપણે આવી ઉપન્યા અને છઠો કેશવનો જીવ જે પૂર્વે નિરનામિકાનો જીવ છે તે વળી બીજા રાજાને ઘેર પુત્રપણે ઉપન્યો. તે વજ્ર

નામા ચક્રવર્તીને ઘણોજ વલ્લભ છે તેથી એનો સારથી થશે. એ રીતે છએ મિત્ર સુખે કરી રહેછે. પરંતુ વજ્રસેનરાજા તિર્થંકર થવાના છે માટે લોકાંતિક દેવના વચનથી ઉદાશ થઇ વજ્રનાભનામા પુત્રને રાજ્ય આપી સંવત્સરી દાન દેઈ ચારિત્ર લેઇ ઘનઘાતિ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા, તિર્થંકર થયા. તે પુંડરીકિણી નગરીએ આવ્યા. વનપાલકે વધામણી આપી, તેવા અવસરમાં ચક્રરત્ન પ્રગટવાની પણ વધામણી આવી તેવારે વિચાર્યું કે પહેલી કોની પુજા કરૂં? એમ વિચારતાં નિશ્ચય કર્યો કે તિર્થંકરને પૂજ્યા તો સર્વને પૂજ્યા, એ ત્રણલોકના નાથથી વળી બીજો કોણ વધારે ગણાય! એમ ચિંતવી કેવળ મોહોત્સવ કર્યો. ભગવાનને વાંદવા આવ્યા પછી ચક્રને પૂજ્યું. અનુક્રમે છ ખંડ સાધી સુખે રાજ્ય ભોગવે છે. એક દિવસ વળી વજ્રસેન તિર્થંકર મહારાજ સમોસર્યા. અને તેમને વજ્રનાભ પ્રમુખ વાંદવા ગયા થકા પ્રભુની દેશના સાંભળી છએ જણાએ દીક્ષા લીધી, તેમાં પહેલો વજ્રનાભ સાધુ થયો તે ચૌદ પૂર્વ ભણ્યો અને બીજા પાંચે અગીઆર અંગ ભણ્યા. વળી બાહુનામા સાધુ છે તે પાંચસે સાધુને અહાર લાવી આપે અને સુબાહુ પાંચસેં સાધુઓના પગ ચાંપે તથા પીઠ અને મહાપીઠ એ બે એકાંતે તપ કરે તે સજ્જાયધ્યાન કરે, હવે બાહુ તથા સુબાહુની ગુરૂ પ્રમુખ સર્વે પ્રશંશા કરે, તેણે કરી પીઠ તથા માહાપીઠ એવુ જાણે કે જુઓ કામ સર્વેને વલ્લભ છે, જે સાધુ થયા તોપણ મતલબી દેખાય છે, કેમકે અમે સજ્જાયધ્યાન કરીએ છીએ તો અમોને કોઇ પ્રશંસતા નથી અને બાહુ સુબાહુ એમની ચાકરી કરેછે તો તેમની સર્વ પ્રશંસા કરેછે, માટે જગત્ સર્વે સ્વાર્થી છે. પછી વજ્રનાભે વીશ

સ્થાનક તપ કરીને તિર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. તથા બાહુ સાધુએ આહારના દાનથી ભોગફળ ઉપાર્જન કર્યું. તથા સુબાહુ સાધુએ પગચંપીના પ્રભાવથી બાહુબળ નામકર્મ ઉપાર્જન કર્યું તથા પીઠ અને મહાપીઠે ઇરષા કરવાથી સ્ત્રી વેદ બાંધ્યો. અને છઠો નિર્નામિકાનો જીવ તે શ્રેયાંસકુમાર થશે, અંતે સર્વે અનશન કરી મરણ પામ્યા.—

બારમે ભવે છએ જણ સર્વાર્થસિદ્ધ વીમાને જઈ દેવપણે ઉપન્યા.

તેરમે ભવે સર્વાર્થસિદ્ધ વીમાનથી તેત્રીસ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી વજ્રનાભનો જીવ તે ઋક્ષભદેવજી થયા, તથા બાહુનો જીવ ભરતચક્રવર્તી થયો, અને સુબાહુનો જીવ બાહુબળ થયો, વળી પીઠ અને મહાપીઠનો જીવ બ્રાહ્મી અને સુંદરી થયાં. એ પાંચે જીવ અનુક્રમે મોક્ષે જશે એ તેરમો ભવ.

હવે તે કાળને વિષે ઋક્ષભદેવ અરિહંત તે ઉનાળાનો ચોથો મહીનો, સાતમું પખવાડીયું એટલે અશાડ વદી ચોથને દિવશે સર્વાર્થસિદ્ધ વીમાનથી દેવતાનું આવખું પૂર્ણ કરીને ચવ્યા, તે આ ભરતક્ષેત્રને વિષે ઇક્ષ્વાકુ ભૂમિમાં નાભીકુલધરની મરૂદેવી ભાર્યા તેમને કુખે મધ્ય રાત્રિને વિષે દેવ સંબંધી આહાર, દેવ સંબંધી ભવ, દેવ સંબંધી શરિર ત્યાગીને ત્રણ જ્ઞાન સહિત ગર્ભપણે આવી ઉપન્યા થકા મરૂદેવી સય્યાને વિશે મધ્યરાત્રિના અવસરમાં અલ્પ નિંદ્રામાં છતાં તે થકે ગજ વૃષભાદિક ચૌદ સ્વપનાં દેખીને જાગ્યાં. પેહેલે સ્વપને હાથી દેખે તે હાથી કેવો છે તો કે ? ચાર દાંતવાળો, અને ઘણો ઉચો, અને જેવા મેઘના છાંટા ધોળા થાય તેવો ધોળો છે, તથા જેવો મોતીનો હાર, ક્ષીરસમુદ્રનું પાણી, ચંદ્રમાનાં

કિરણો, પાણીના કરણીયા, અને રૂપાના પર્વત જેવો ધોળો છે. વળી તે હાથીના કુંભસ્થળથી મદ ઝરે છે તેથી કરી તેના કપોળ ( કપાળ ) પાસે ભમરા ગુંજારવ કરી રહ્યા છે. ઇંદ્રના ઐરાવત સરખો દેખાય છે, એવા ઉત્તમ લક્ષણોએ કરી સહિત હાથી દીઠો.

બીજા સ્વપ્ને વૃષભ દીઠો. તે વૃષભ કેવો છે કે, ધોળા કમળના સરખો સ્વેત છે તથા પોતાના શરીરની કાન્તીએ કરી સર્વે દિશાઓ ઉદ્યોત કરેછે. તથા ઘણી શોભાના સમૂહે કરી શોભાયમાન એવી ખાંધની થૂભિ છે જેની વળી, તેના શરીરમાં પાતળા કેશ છે. તે કેશ જાણે તેલે ચોપડયા હોય નહિ? વળી મોતીના જેવા દાંત છે તે જેના, અને વળી અનેક મંગળનુંજ સુખ હોય નહીં. તેને મરૂદેવી માતાએ દીઠો.

ત્રીજા સ્વપ્ને મરૂદેવી માતાએ સિંહને દીઠો. તે સિંહ કેવો છે ? તો કે મોતીનો હાર તથા રૂપા સમાન ધોળું છે શરીર તે જેનું, વળી હાથ પ્રમુખના અવયવ દૃઢ છે, વળી ઉજ્વળ અને તીક્ષણ એવી મુખમાં દાઢો છે તેણે કરી મુખારવિંદ શોભી રહ્યું છે. વળી કમળસરખા સુકોમળ રાતા જેના હોઠ છે, અને જીભ બાહાર કાહાડતો થકો અને લપલપાયમાન કરતો થકો ઘણો શોભે છે, વળી પીળા અને વીજળી સરખાંજ ચળકતાં નેત્ર છે. વળી જેનું દૃઢ પરિપૂર્ણ નિપળ છે, વળી શોભ્યાકારવાળો લીલા કરતો થકો આકાશમાંથી ઉતરી મરૂદેવી માતાના મુખને વિશે પેસતો તિક્ષણ નખવાળો સિંહ મરૂદેવી માતાએ દીઠો.

તેવાર પછે ચોથા સ્વપ્નામાં મરૂદેવીમાતા સંપૂર્ણ પુર્ણિમાના

ચંદ્રમા સરખું મુખ છે તે જેનુ તેવા લક્ષ્મીદેવીને દેખે. તે લક્ષ્મીદેવી ક્યાં રહે છેઃ—ઉંચા હિમાચળ પર્વત તેની ઉપર એક પદ્મદ્રહમાં એક કમળ છે ત્યાં રેહેવાવાળી લક્ષ્મીદેવી તેના પગથી લઇને સર્વ અંગની શોભાનું વર્ણન શ્રી ભદ્રબાહુસ્વામીએ કર્યું છે, તે લક્ષ્મીદેવીના પગ ભલે પ્રકારે કરી સોનાના કાચબા સરખા, જાણે લાખના રંગે રંગ્યા હોયના ! માંસ સહિત એવા વચમાં અતિ ઊંચા હલાવે ત્યારે કમળમાંથી સુગંધ નીકળે, વળી મસ્તકે વેણીદંડ ઘણો નિર્મળ ભર્યો કાળો છે, અને કટી ( કેડ ) સુધી લાંબો શોભી રહ્યો છે તે જેનો ! એવી લક્ષ્મીદેવીને મરૂદેવી માતાએ દીઠી.

પાંચમા સ્વપ્નમાં ફૂલોની માળા દેખે, તે માળા રસસહિત કલ્પવૃક્ષનાં ફૂલે કરી ઘણી મનોહર છે, વળી ચંપાના ફૂલ, માલતીનાં ફૂલ, જાયનાં ફૂલ, દમણાનાં ફૂલ, નવમાલીકાનાં ફૂલ, બહુલવૃક્ષનાં ફૂલ, તિલવૃક્ષનાં ફૂલ, વાસંતિકાનાં ફૂલ, પદ્મકમળનાં ફૂલ, ઉત્પલતેપુંડરીકનાં ફૂલ, કુંદમચકુંદ વૃક્ષનાં ફૂલ, અગથિયાનાં ફૂલ, વિગેરે પ્રકારના ફૂલોની ઘણી સુગંધ છે તે જેમાં એવી બે ફૂલોની માળા તેની અતિ મનોહર ગંધથી, આવેલા ભમરા ભમરીયોનો ગુંજારવ શબ્દ જેને વિશે થઈ રહેલો છે. વળી તે બેઉ માળાઓમાં તમામ ઋતુનાં ફૂલ સુગંધ સહિત પંચવર્ણા છે. પરંતુ તેમાં ધોળો વર્ણ વિશેષ છે. તે જ્યાં જ્યાં જે જે ફૂલ શોભે ત્યાં ત્યાં તે તે ફૂલ ગુંથ્યાં છે. એવી બે માળા મરૂદેવા માતા દેખતાં હવાં.

છઠા સ્વપ્નને વિષે ચંદ્રમા દીઠો. તે ચંદ્રમા કેવો છે તો કે ? ગાયના દૂધના ફીણ જેવો ઉજળો છે, રૂપાના કળસ સરખો ધોળો છે, વળી સંપૂર્ણ પૂર્ણિમાના અંધકારને હરવાવાળો, વળી શુક્લ

પક્ષને વિશે અતિ શોભાયમાન, કુમુદવનનો ઉઘાડવાવાળો, ઉજળા કાચનીપેરે શોભાયમાન, આકાશ રૂપ ...નો હંસ, બેઉ પક્ષે કરી પૂર્ણ, સર્વ જ્યોતિષિયોના મુખનું મંડન, અંધકારનો વૈરી, આકાશનું તિલક, રોહિણીના હૃદયને વલ્લભ, કેમકે ચંદ્રમા રોહિણીનો ભર્તા છે એવી લોકોમાં કહેવત છે પરંતુ રોહણી નક્ષત્ર તે બને નહી. એવો પુર્ણીમાનો ચદ્ર મરૂદેવી માતાએ દીઠો.

સાતમા સ્વપ્નેસૂર્ય દીઠો. તે સૂર્ય કેવો છે તો કે? જેનો રાતો વર્ણ છે? રાતા અશોક સરખો, કેશુડના ફુલ સરખો, લાલ છે જેવું પોપટનું મુખ તથા આંબ ચણોઠી લાલ હોય તેવો સૂર્ય લાલ છે. આકાશને વિશે દિવાનીપેરે શોભે છે, વળી ઉગતો થકો હેમના સમુહને હાથથી ગરદન પકડીને કહાડવાવાળો, વળી ગ્રહોનો રાજા છે, રાત્રીનો નાશ કરનાર છે, ટાઢને મથન કરનાર, મેરૂપર્વતને પાખતિ નિરંતર મોટા મંડળ સહિત, એવો સૂર્ય લોકોના ચક્ષુસમાન મરૂદેવી માતાએ દીઠો.

આઠમા સ્વપ્નને વિષે ધ્વજા દેખે. તે ધ્વજા કેવી છે તો કે? સોનાનો જેનો દંડ છે તે ઉપર રહેલી છે, પાંચ વર્ણનાં વસ્ત્ર છે, વળી તે ધ્વજાની ઉપર સુકોમળ અનેક રંગનાં મોરપીંછ ધર્યા છે તે ચોટી સરખા શોભાયમાન છે તથા ઘણા આકાર છે, વળી તેમાં સિંહનું રૂપ લખ્યું છે તેણે કરી વળી અતિશય શોભા આપે છે. તે સિંહ કેવો છે તો કે? શંખના જેવો ઉજળો, કુંદપ વૃક્ષનું ફુલ, જળનો કરણીયો, તથા રૂપાનો કળશ ઉજળા હોય તેવો સ્વેત વર્ણ છે. જે સિંહને દેખીને લોક એવું સમજે છે કે આ સિંહ આકાશમંડળ ભેદવાને ઉદ્યમ કરે છે કે શું? તે ઘણા ઉંચા લોકોને દેખવા યોગ્ય એવો ધ્વજ મરૂદેવી માતાએ દીઠો.

નવમે સ્વપ્ને પૂરણ કળસને દેખે. તે કળસ કેવો છે તો કે? ઉત્તમ દેદીપ્યમાનરૂપ છે તે જેનું, વળી નિર્મળ જળથી ભરેલો ઘણોજ સુંદર છે, જેની શોભા સૂર્યમંડળ સરખી જાજવલ્યમાન છે, વળી જે કળશની પાસે કમળની વાડી છે, એટલે કમળથી વીંટયો છે, નેત્રને આનંદનો આપનાર છે, સર્વ દિશાઓને ઉદ્યોત કરતો, સર્વ લક્ષ્મીનો ઘર તેની પેરે સર્વ પાપ રહિત, સર્વ શોભા સહિત, લક્ષ્મીનો નિવાશી છે, વળી તે કળસના ગળે છએ ઋતુના સુગંધિત ફૂલોની માળા છે એવો રૂપમય કળસ મરૂદેવી માતાએ દીઠો.

દશમા સ્વપ્નાંતરને વિશે મરૂદેવીએ પદ્મસરોવર દીઠું. તે સરોવર કેવું છે કે? જે સરોવરમાં ઉગતા સૂર્યથી ઉઘડયાં એવાં હજાર પાંખડીનાં કમળો છે તે વિકસ્વરમાન કમળની વાસનાએ કરીને તેનું પાણી અતિ સુગંધિત થયું છે, વળી તે કમળના પ્રભાવે કરીને સરોવરનું પાણી લાલ, પીળા, રંગ જેવું દેખાય છે, વળી તે સરોવરમાં કમળપત્ર ઉપર જળનો છાંટો પડવે કરી જાણે નીલા આંગણામાં મોતી જડયાં હોય નહીં? એવું દેખાય છે. વળી તે સરોવરમાં સૂર્યવિકાશી કમળ, ચંદ્રવિકાશી કમળ, નીલકમળ, મહાપદ્મ શ્વેતકમળ, રાતાંકમળ, ઇત્યાદિ કમળની શોભા ખીલી રહી છે. તેથી ઘણુંજ રમણીક દેખાય છે વળી તે કમળો ઉપર પ્રસન્ન થઈ ભમરા ભમરીયો આવીને ગુંજારવ કરી રહ્યા છે વળી ત્યાં કાદંબક, હંસ, ચકવા, રાજહંસ, બગલા, સારસ, વિગેરે પંખીઓએ કરી શોભી રહ્યું છે, અર્થાત એ જાતનાં પંખીયો રહે છે એવું સરોવર મરૂદેવી માતાએ દીઠો.

વળી અગીયારમા સ્વપ્નને વિશે ક્ષીરસમુદ્ર દેખે. તે ક્ષીર સમુદ્ર કેવો છે તો કે ? ચંદ્રમાના કિરણો જેવાં શોભા આપે છે તેવીજ શોભા તે સમુદ્રમાં છે. તેની ચારે બાજુ સમુદ્રનું જળ વૃદ્ધિ પામે છે, વળી તેમાંથી ચંચળ એવા ઘણા ઊંચા કલ્લોલ ઉડી રહ્યા છે. તે કલોલે કરી તેનું પાણી ઘણુંજ ચંચળ થયું છે. વળી મંદ મંદ પવને કરી ચલાયમાન થયા જે કલોલ તે સમુદ્રને કાંઠે આવી ભફાકા ખાઇ રહ્યા છે, તેનો શબ્દ થઇ રહ્યો છે, અને તે કલ્લોલથી સમુદ્ર અત્યંત શોભી રહ્યો છે. વળી તે સમુદ્રને વિશે જળચર જીવો કલ્લોલ કરી રહ્યા છે, તે એવી જાતના કે, મહા મગરમચ્છ, તિમીંગલમચ્છ, લઘુ મચ્છ, તે સર્વે પરસ્પર મળી રમત કરે તેવારે તેમનાં પુછડાં ઉછાળવાથી ઉછળ્યું જે પાણી તેમાંથી ફીણ પ્રગટ થઈ તે ફીણ કલોલોથી તણાઇને કીનારા ઉપર આવી પડે છે. તેના ઢગલા થઈ ગયા છે, તે સર્વે ઢગલા કપુરના ઢગલા સરખા દેખાય છે, વળી જે સમુદ્રમાં ગંગા પ્રમુખ નદીયોનાં પાણી પડે છે તેમાં ચૌદ ચૌદ હજાર નદીઓના પરીવાર સાથે ગંગા સીંધુ એ બે ભરતક્ષેત્રની નદીઓ પડે છે, તેમજ ચૌદ ચૌદ હજાર નદીયોના પરીવાર સાથે એરવતક્ષેત્રની રકતા અને રકતવતી એ બે નદીયો પડે છે. તથા અઠાવીશ અઠાવીશ હજાર નદીયોના પરીવાર સાથ રોહિતા અને રોહિતાસા એ બે નદીયો હેમવંતક્ષેત્રની પડે છે, તથા અઠાવીશ અઠાવીશ હજાર નદીયોના પરીવાર સાથે સુવર્ણકુલા અને રૂપકુલા એ બે નદીયો ઐરણ્યવત ક્ષેત્રની પડે છે, તથા છપન્ન છપન્ન હજાર નદીયોના પરિવાર સાથે

હરિકંતા અને હરિસલિલા એ બે હરીવંશક્ષેત્રની નદીયો પડે છે, તથા છપન્ન છપન્ન હજાર નદીયોના પરીવાર સાથે નરકાંતા અને નારીકાંતા એ બે નદીયો રમ્યકક્ષેત્રની પડે છે. તથા પાંચ લાખ બત્રીસ બત્રીસ હજાર નદીયોના પરીવાર સાથે સીતા અને સીતોદા એ બે નદીયો માહાવીદેહક્ષેત્રની પડે છે. સર્વે મળી ચૌદ લાખ છપન્ન હજાર નદીયોનું પાણી જે સમુદ્રમાં પડે છે. એવો સમુદ્ર મરૂદેવી માતાએ દીઠો.

તેરમા સ્વપ્ને દેવવીમાન દેખે, તે વિમાન કેવું છે તો કે? પુંડરીક ઉત્કૃષ્ટ વિમાન છે, તેમાં ઉત્તમ સુવર્ણમણીના એક હજાર ને આઠ સ્થંભોએ કરી વિરાજમાન છે. તે વિમાન આકાશને વિશે દીપકનીપેરે દીપી રહ્યું છે, ઉદ્યાતમાં સૂર્યમંડળ સરખી જેની શોભા છે વળી તે વિમાનની સોનાની ભીંતોમાં નાગરણ ખીલા ઠોક્યા છે, વળી સ્થાનકે સ્થાનકે દિવ્ય ફુલની માળાઓ, તથા સુવર્ણ પત્રે કરી લંબાયમાન એવી મોતીયોની માળાઓ લટકે છે. વળી વિમાનની ભીંતમાં મૃગ, હરણ, નાહર, ઘોડા, મગરમચ્છ, ભારંડપંખી, ગરૂડ, મયુર, સર્પ, કિન્નરદેવો, કસ્તુરીયામૃગ, સારહુલ, વિગેરેનાં રૂપો ચિત્રેલાં છે. વળી તે વિમાનમાં નાટક પ્રમુખ પણ થઇ રહ્યાં છે. વળી તે વિમાનમાં મેઘ ગાજે તેના સરખો દેવદુંદુભીનો નાદ સર્વત્ર ફેલાઇ રહ્યો છે. તે વીમાનને વિશે અગર, કુંદરૂ, સિલારસના ધુપનો મઘમઘાયમાન ધુપ ગંધ થઈ રહ્યો છે. એવું વિમાન મરૂદેવી માતાએ બારમે સ્વપ્ને દીઠું.

તેરમે સ્વપ્ને રત્નનો ઢગલો દેખે અને તેમાં ક્યાં ક્યાં રત્ન

છે. તે કહે છેઃ-પુરકલરત્ન, વજરત્ન, નીલરત્ન, સંસાકરત્ન, કર્કેતનરત્ન, લોહિતરેત્ન, મરકતરત્ન, પ્રવાલરત્ન, સ્ફાટીકરત્ન, સૌગંધિકરત્ન, હંસગર્ભરત્ન, મલારગલ્લરત્ન, અંજનરત્ન, વિગેરે અનેક જાતનાં ઉત્તમ રત્ન તે સોનાના થાળમાં ભરેલાં, તે રત્નનો ઢગલો કેવો છે તો કે ! મેરૂપર્વત જેટલો ઉંચો, આકાશને વિષે દેદીપ્યમાન એવો રત્નનો ઢગલો મરૂદેવીમાતાએ દીઠો.

ચૌદમા સ્વપ્ને મરૂદેવી માતાએ નિર્ધૂમ અગ્નિ દીઠો તે અગ્નિ કેવો છે તો કે ઘણો ઉજળો, નિર્મળ, પીળો અને લાલવર્ણવાળો, વળી મધુ અને ઘૃતથી સીંચ્યો થકો, નિર્ધૂમ ધગધગાયમાન જાજ્વલ્યમાન શીખાવાળો, વળી તે અગ્નિમાં અનેક નહાની શિખાઓ છે. વળી તેથી કોઇક શિખા મોટી, વળી કોઇક તેથી મોટી. કેટલીએક શિખાઓ ઘણીજ ન્હાની એવી અનેક જ્વાળાએ કરી અગ્નિશિખા બળી રહી છે. વળી જે અગ્નિમાં અનેક જ્વાળાઓ તે કોઇ આકાશ પ્રદેશમાં ચાલતી હોય તેની પેઠે ઘણી ચપળ અગ્નિશિખા મરૂદેવી માતાએ દીઠી.

એવાં ચૌદ સ્વપ્નાં દેખીને મરૂદેવીમાતા જાગૃત થઈ. એ સ્વપ્નાં કેવાં છે તો કે ? શુભ છે. સૌમ્ય ભલાં છે, ઘણું રૂડું દર્શન છે, ભલું રૂપ છે જેમનું, એવાં સ્વપ્નાં દેખીને મરૂદેવીમાતા જાગી. તે કેવી છે તો કે ! જેવાં કમળ ઉઘડે તેવાં નેત્ર વિકસિત થયાંછે જેનાં, હર્ષનાં વશ થકી સર્વ અંગ હર્ષ સહિત હોતું હતું. સર્વ રોમરાજી ઉલ્લાસિત થઇ. એ ચૌદ સ્વપ્ન સર્વ તિર્થંકરની માતાઓ જેવારે તિર્થંકર ગર્ભમાં આવે તેવારે દેખે.

મરૂદેવીએ પૂર્વે કહ્યાં એવાં ચૌદ સ્વપ્નાં દેખીને જાગતી થકી પોતાના હ્રદયમાં ઘણીજ ખુશી થઇ સંતોષ પામી. જેવું મેઘની

ધારાયે કરી હણાણું કદંબવૃક્ષનું ફુલ તેની પરે ઉલ્લાસ પામ્યાં છે રોમકૂપ જેનાં, અર્થાત્ રોમરોમ હર્ષ પામ્યા પછી તે સ્વપ્નાંને યાદ કરે જે અનુક્રમે મેં એવાં એવાં સ્વપ્નાં દીઠાં. એવી રીતે યાદ કરીને ઉઠે, ઊઠીને બાજોઠ ઉપર પગ આપીને હેઠે ઉતરે, ઉતરીને નહીં, ઉતાવળી એટલે મનમાં ઉતાવળ નથી તથા કાયાથી ચપળપણું નથી, રસ્તામાં ઠોકર રહીત, વિલંબ રહિત, ભિંતપ્રમુખનાં ઓઠીંગણને ન લેતી થકી રાજહંસી સરખી ગતિયે કરી ચાલતી થકી જીહાં નાભીરાજા પોઢયા છે તિહાં આવીને, એવી વાણીથી જગાવતી હવી કે જે નાભીરાજાને વલ્લભ લાગે, એવી વાણીની સર્વદા ચાહના કરે, એવી વાણી તથા દ્વેષરહિત એવી તથા સર્વના મનને ગમતી એવી તથા વલ્લભપણાની ચેતવણી કરવાવાળી તથા સ્વર અક્ષરે કરી સ્પષ્ટ એવી તથા કલ્યાણની કરવાવાળી એવી તથા વૃદ્ધિની કરવાવાળી તથા નિરૂપદ્રવ અર્થાત્ ઉપદ્રવ રહિત એવી ધનના લાભની કરવાવાળી તથા મંગળની કરવાવાળી, શ્રીકાર અલંકારાદિ શોભા સહિત, હૃદયમાં કોમળ લાગે એવી, વળી જે વાણી સાંભળવાથી મનમાં આનંદ થાય એવી, વળી કોમળ, મીઠી, રસયુક્ત, જેમાં વચન થોડાં અને અર્થ ઘણો એવી વાણીથી મરૂદેવી પોતાના ભર્તારને જગાવતી હવી, તેથી રાજા જાગ્યો. ત્યારે મરૂદેવી નાભીરાજાની આજ્ઞાથી નાનાપ્રકારના મણિરત્નથી ચિતર્યો એવો સોનાનો બાજોઠ મણીરત્નથી જડયો તે ઉપર પલાંઠી વાળીને બેઠી. રસ્તાનો ખેદ મટાડીને સુખે બેઠી, બેશીને રાજા પ્રત્યે જેવી રીતે પૂર્વે વર્ણન કરી આવ્યા એવી વાણીએ કરી કહેતી હવી.

હે સ્વામી ! નિશ્ચે હું આજ પૂર્વોક્ત શય્યામાં કાંઇક સૂતી કાંઇક જાગતી થકી, મેં ગજ વૃષભ આદિ દેઇ જે પૂર્વે કહી આવ્યા તે ચૌદ સ્વપ્નાં દીઠાં, દેખીને જાગી, તે મહોટાં સ્વપ્નાંનું ફળ જાણ્યું જે

કાંઇ ફળવૃત્તિ ફળનું પામવું કાંઈ થાશે ? એવું મરૂદેવીએ પોતાના ભર્તારને પૂછ્યું. તે વારે નાભીરાજા મરૂદેવીના મુખથી એવો અર્થ સાંભળીને, હર્ષ સંતોષ પામીને, ચિત્તમાં આનંદ પામ્યો થકો, પ્રીતિકારી પરમસૌમ્ય હર્ષ હૃદયમાં ફેલ્યો, જેમ મેઘની ધારાએ છંટાએલું એવું કદંબવૃક્ષનું ફુલ તેની પેરે ઉલ્લસિત થયો થકો, સાંભળીને તેનો વિચાર કર્યો, પોતાના સ્વભાવ પ્રમાણે પોતાની બુદ્ધિ વિજ્ઞાને કરી તે સ્વપ્નનો અર્થ ગ્રહણ કર્યો. અર્થ ગ્રહણ કરીને મરૂદેવીને મીઠે વચને કરી એવું કહેતો હવો.

હે દેવાણું પ્રિયા ! તુમે મનોહર સ્વપ્ન દીઠાં, તે કલ્યાણકારી શિવકારી, ધનકારી, આરોગ્યકારી, ઘણા દીર્ઘાયુનાં કરવાવાળાં એવાં તુમે જે સ્વપ્ન દીઠાં તેનું ફળ આવી રીતે છે.–

હે દેવાણુ પ્રિયા ! તમોને અર્થનો લાભ થાશે, ભોગનો લાભ થાશે, સુખનો લાભ થાશે, એ નિશ્ચે નવ મહિના ઉપર સાડા સાત દિવસ ગયે થકે અમારા કુળમાં ધ્વજની સમાન, અમારા કુળમાં દ્વીપ સમાન, અમારા કુળમાં દીવા સમાન, અમારા કુળમાં પર્વત સમાન સ્થિર, અમારા કુળમાં શિખર સમાન, અર્થાત્ મુકુટ સમાન, અમારા કુળમાં તિલક સમાન, અમારા કુળમાં સૂર્ય સમાન, કુળનો આધાર, કુળની વૃદ્ધિનો કરવાવાળો, કુળની કીર્તિનો કરવાવાળો, કુળના યશનો કરવાવાળો, કુળમાં વૃક્ષ સમાન, ઘણા લોકોને છત્ર છાયામાં રાખવાથી કુળની વિશેષ વૃદ્ધિનો કરવાવાળો, એવો પુત્ર થાશે, વળી સુકોમળ છે હાથ પગ જેના, સંપૂર્ણ પાંચે ઇંદ્રિય પરવાળાં છે જેનાં લક્ષણ વ્યંજન અને ગુણે કરી સહિત, માનોન્માન પ્રમાણ સર્વ શરીર સુંદર, ચંદ્રમાની પેરે સૌમ્યાકાર, મનોહર દર્શન કરવા યોગ્ય, એવો

પુત્ર તુજને થાશે. તે પુત્ર કેવો થાશે તો કે ! બાળક અવસ્થા છાં-ડીને જે વારે વિજ્ઞાન અવસ્થામાં આવશે તે વારે સર્વ કળાઓ માત્ર જાણી લેશે. વળી યુવાન અવસ્થામાં શુરવીર, મહા દાનેશ્વરી, સ્વપ્રતિજ્ઞા નિર્વાહક એટલે પોતે અંગીકાર કરેલી વાતના નિર્વાહને કરવાવાળો, સંગ્રામમાં વીર એટલે પાછો ભાગે નહી, જમીન ઉપર રાજ્ય કરવા વાળો, ઘણા હાથી, ઘોડા, રથ, પાયદલ પ્રમુખનો માલેક એવો રા-જાનો રાજા થાશે. તે માટે તુમે ઉદારકારી યાવત્ સ્વપ્નાં દીઠા. ત્યાર પછી મરૂદેવી નાભીરાજાના મુખથી આ વાત સાંભળીને હર્ષ સંતોષ પામી, યાવત્ હાથ જોડીને, મસ્તક અંજલી કરીને એવું કહેતી હવી.

હે સ્વામી ! એ અર્થ એમજ છે, તમે કહ્યું તે તહત્ત છે, સંદેહ રહિત છે, જે પ્રમાણે મેં વાંછ્યો હતો. હે સ્વામી ! તેજ પ્રમાણે મેં આપના મુખથી ગ્રહણ કર્યો, એમ હે સ્વામી તમે જે કહોછો તે અર્થ સત્ય છે એવી રીતે વારંવાર કહેતી થકી એમ કહીને સ્વપ્નના અર્થને રૂડી રીતે અંગીકાર કરીને નાભીરાજાની આજ્ઞા લેઇને નાના પ્રકારના મણીયે જડીત એવા સોનાના બાજોઠ ઉપરથી ઉઠીને, નહિ ઉતાવળી, નહીં ધીરી, એવી પૂર્વે કહેલી રીત મુજબ ચાલતી થકી જ્યાં પોતાનું શયનગૃહ છે ત્યાં આવીને એમ કહેતી હવી જે મારે ઉત્તમ સ્વપ્નાં દીઠામાં આવ્યાં તો હવે મારે સુવું નહી. જો સુઈ જાઉં તો વળી ક-દાપી બીજા કોઇ પાપરૂપ ખોટાં સ્વપ્નાં આવી જાય તો એ રૂડાં સ્વ-પ્નાંનુ ફળ જતું રહે તે માટે દેવ ગુરૂ સંબંધી રૂડી મંગળકારી, શુભ કારી, ધર્મકથા કહીને રાત્રી પૂર્ણ કરૂં; એવું કહીને સ્વપ્ન જાગરણ ક-રતી થકી, પોતે જાગતી બીજાને જગાવતી વીચરે.

હવે તે કાળને વિષે, તે સમયને વિષે, ઋષભનાથ અરિહંત ઉ-નાળાનો પહેલો મહિનો, પહેલું પખવાડીયું, ચૈત્રવદી આઠમને દિવસે

નવ માસ ઉપર ચાર દિવસ રાત્રી ગર્ભમાં પ્રતિપૂર્ણ હોતે છતે ઉત્રાષાડા નક્ષત્રે ચંદ્રમાનો યોગ આવે થકે નિરાબાધપણે જન્મ્યા.

હવે જે સમયમાં ઋષભદેવ સ્વામીનો જન્મ થયો તે વારે ત્રણ જગતમાં ઉદ્યોત થયો, વળી આકાશમાં દેવદુંદભી વાગ્યાં, વળી નરકના જીવોને પણ ક્ષણ માત્ર આનંદ થયો, કેમકે ભગવંતના અતિશય થકી નારકી જીવને પણ મહુર્ત્ત માત્ર શાતા રહે; વળી સ્થાવર જીવોનું પણ વિશેષ છેદનભેદન ન થાય તેથી. તેને પણ સુખ ઉપજે. જન્મતી વેળાએ સર્વ જમીન ઉલ્લાસ મનની પેરે થઈ રહી.

હવે ભગવંતનો જન્મ છપન્નદિગ્કુમારીયે કરેલો મહોત્સવ કહેછે:-ત્યાં ભગવાનના જન્મ થયાથી છપન્ન દિગ્કુમારીકાનાં આસન ચલાયમાન થયાં, તે વારે અવધિપ્રયોજી ભગવાનનો જન્મ થયો જાણી રાત્રે તિહાં આવે. તેનાં નામઃ-રૂચક દ્વિપની વસનારી ચાર દિશાની આઠ આઠ, તથા બે દિશાની ચાર ચાર અને મેરૂના ઉર્ધ્વ દિશાની તથા ગજદંતગિરીની અધો દિશાની આઠ આઠ, મળી છપન્ન દિગ્કુમારિકા ત્યાં આવે, તેમાં પ્રથમ ભોગંકરા, ભોગવતી, શુભોગા, ભોગમાલિની, તોયધરા, વિચિત્રા, પુષ્પમાલા, અને અનંદિતા, એ આઠ દિગ્કુમારિકાઓ અધોલોકે ગજદંતાકાર પર્વતની હેઠે વસનારી છે તે આવીને ભગવંતને તથા ભગવંતની માતાને નમસ્કાર કરીને ઇશાન કોણે એક સુતિકા ઘર બનાવે. એક યોજન એટલે ચાર ગાઉ પ્રમાણ ધરતીને સંવર્તક વાયરે શુદ્ધ કરીને કાંટા, કાંકરા દૂર કરીને સુગંધિત કરે.

ત્યાર પછી મેઘંકરા, સુમેધા, મેઘવતી, મેઘમાલિની, સુવત્સા, વત્સમિત્રા, વારીષેણા અને વલાહિકા. એ આઠ દિગ્કુમારિકાઓ ઉર્ધ્વલોકે નંદનવનના કૂટોને વિષે વસનારી છે, ત્યાંથી આવીને પ્રભુને

તથા પ્રભુની માતાને નમસ્કાર કરીને તે સૂતિકા ઘરને વિષે સુગંધિત પાણીએ કરી સહિત ફૂલોનો વરસાદ વરસાવીને ગીત ગાતી રહે.

ત્યાર પછી વળી નંદોત્તરા, નંદા, આનંદા, નંદીવર્દ્ધિના, વિજયા, વૈજયંતી, જયંતી અને અપરાજીતા. એ આઠ દિગ્કુમારિકાઓ ચકદ્વિપની પૂર્વ દિશાના પર્વતને વિષે વસનારી છે. તે ત્યાંથી આવીને ભગવાન તથા ભગવાનની માતાને નમીને મુખ દેખવાને પ્રભુ આગળ દર્પણ હાથમાં લઇને ગીત ગાતી ઉભી રહે.

તથા સમાહારા, સુપ્રદત્તા, સુપ્રબદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, શેષવતી, ચિત્રગુપ્તા, અને વસુંધરા. એ આઠ દિગ્કુમારિકાઓ રૂચકનામા તેરમાદ્વિપની દક્ષિણ દિશાના પર્વતને વિષે વસનારીઓ છે, તે ત્યાંથી આવી પ્રભુને તથા પ્રભુની માતાને નમસ્કાર કરીને સોનાના ભૃંગાર કળશ, સુગંધિત પાણીથી ભરી હાથમાં ધારણ કરી ભગવાનની માતાને સ્નાન કરાવે, પ્રભુ આગળ ગીત ગાન નાટારંભ કરે.

વળી ઇલાદેવી, સુરાદેવી, પૃથિવી, પદ્માવતી, એકનાશા, નવમીકા, ભદ્રા, અને સીતા. એ આઠ રૂચકદ્વિપની પશ્ચિમ દિશાના પર્વત વિષે રહેનારીઓ છે, તે ત્યાંથી આવીને પ્રભુ તથા પ્રભુની માતાને નમસ્કાર કરી ભગવાનની માતા આગળ વાયરો કરવાને અર્થે વીંઝણા હાથમાં લેઈ ઉભી રહે.

વળી અલંબુસા, મિતકેશી, પૂંડરીકા, વારૂણી, હાશા, સર્વ પ્રભા, શ્રી અને હ્રી. એ આઠ દિગ્કુમારિકાઓ રૂચકદ્વિપની ઉત્તર દિશાના પર્વત વિષે વસનારીઓ છે, તે આવીને ભગવંત તથા ભગવંતની માતાને નમીને ભગવંતની બે બાજુએ ચાર ચાર ઉભી થકી ચામર હાથમાં લઇને પ્રભુને ઢોળે.

અને વિચિત્રા, ચિત્રકનકા, તારા અને સૌદામિની. એ ચાર દિગ્કુમારીકાઓ રૂચકદ્વિપની વિદિશીના પર્વતને વિષે વસનારી છે, તે આવીને ભગવંત તથા ભગવંતની માતાને નમીને હાથમાં દીવો ગ્રહણ કરીને ઉભી રહે.

તથા રૂપા, રૂપાશીકા, સુરૂપા, અને રૂપકાવતી. એ ચાર દિગ્કુમારીકાઓ રૂચકદ્વિપની વિદિશીમાં વસે છે, તે આવીને ભગવંત તથા ભગવંતની માતાને નમીને ભગવંતનું ચાર આંગુલ પ્રમાણ નાળ વર્જીને કાપે, પછી ધરતીમાંહે ખાડો ખણીને દાટે, તેના ઉપર વૈડુર્ય રત્નનો ચોખંડો ચોતરો કરે, તેની ઉપર દર્ભ વાવે, તેવાર પછે સુતીકા ઘરથી વેગળાં એક પૂર્વ દિશે, એક દક્ષીણ દિશે અને એક ઉત્તર દિશે, એ ત્રણ ઠેકાણે ત્રણ કેલીનાં ઘર કરે, તેમાં સિંહાસન રચે, પછી દક્ષણ દિશીના કેલીગૃહ મધે ભગવંત તથા ભગવંતની માતા એ બેઉને લાવીને સિંહાસન ઉપર બેસાડીને તેમને સુખ ઉપ એવું સુગંધી તેલોનું મર્દન કરે, પછી પૂર્વ દિશાના કેલીગૃહમાં લઇ જઇ સિંહાસન ઉપર બેસાડી સ્નાન કરાવે, ચંદન લેપન કરે, પછી ઉત્તર દિશીના કદલીગૃહમાં સિંહાસન ઉપર બેસાડી અરણી કાષ્ટથી ઘશીને અગ્નિ જગાડી ચંદનના કાષ્ટથી શાંતિ પુષ્ટિ હોમ કરી, તે હોમની રક્ષા પોટલી કરી ભગવંત તથા ભગવતની માતા એ બેઉના હાથમાં બાંધે, બાંધીને હે ભગવાન્! પર્વતાયુર્ભવ. એવી આશીશ આપીને મણીમય ગોળા બે ઉછાળે, પછી તેને વજાવીને ભગવાનને રમવા સારૂ પલયંક ઉપર બાંધીને ગીતગાન કરી ભગવંત તથા ભગવંતની માતાને જન્મસ્થાને મુકી પાછી પોત પોતાને સ્થાનકે જાય એ એકેકી દિગ્કુમારીકાને ચાર ચાર મહતરા દેવી છે, ચાર હજાર સા[illegible]ક દેવો છે, સોળ હજાર અંગરક્ષક દેવો છે, એ દેવોનો એજ સ્વ-

ભાવછે કે તીર્થંકરનો જન્મ થયાથી પ્રથમ એમનું આસન ચલાયમાન થાય તે વારે પ્રભુનો પહેલો જન્મ મહોત્સવ એ દેવીયો કરે, પછી બીજા ઇંદ્રાદિક દેવો કરે, એમ દિશકુમારિકાએ મહોત્સવ કર્યા પછી ઇંદ્રના આસન ચલાયમાન થાય તે વારે ભગવાનનો જન્મ થયો એવું અવધીજ્ઞાને જાણીને પ્રથમ સૌધર્મઇંદ્ર હરણગમેષી દેવતાને બોલાવી બાર યોજન પહોળી અને છ યોજન ઉંચી તથા એક યોજન નાલી પાઠાંતરે ચાર યોજનની નાલી કહેછે उक्तंच ॥ बारशजोयणपहुला, सुघोषाघंटाईअद्धउच्चत्तं:चत्तारियनालाउ देवासयपंववायंती॥ એવી સુઘોષા નામે ઘંટા બજાવવાનો હુકમ આપે, તે વારે હરણગમેષી દેવતા પાંચસેં દેવોની સાથે તે ઘંટા બજાવે, તે ઘંટાના શબ્દથી સૌધર્મ દેવલોકના બત્રીસલાખ વિમાનની ઘંટા વાજે (વાગે) ત્યારે સર્વ દેવતા સાવધાન થઇ જાય.

यदुक्तं-सुणिर्गुण संस्वसद्धं। मिलंति जणाय वितरंपडद्दं जोश्सियं सीयनायं। घंटेण विमाणियादेवा ॥

એજ પ્રમાણે ઇશાનેંદ્ર લઘુપ્રાક્રમ નામા દેવતા પાસે સુઘોષા ઘંટા વજડાવે, એમ ચોસઠ ઇંદ્રિ સૌ પોતપોતાના દેવો પાસે સુઘોષા ઘંટા વજડાવે તે વારે સર્વ દેવો ઇંદ્રિમહારાજને કાંઇ કાર્ય છે એવું જાણીને ઇંદ્ર મહારાજની પાસે આવી હાજર થાય. પછી સૌધર્મેંદ્ર પણ પાલકનામા દેવતાએ બનાવેલા લાખ યોજનનું પાલકનામક વિમાન તેના મધ્ય ભાગમાં પૂર્વ દિશાની સામો સિંહાસન ઉપર બેસે તેની આગળ ઇંદ્રની આઠ અગ્રમહિષી, આઠ ભદ્રાસન ઉપર બેસે; અને ઇંદ્રને ડાબે પાસે ચોરાશી હજાર સામાનિક દેવો ભદ્રાસનો ઉપર

બેસે. જમણે પાસે ત્રણ પખદા બેસે, તેમાં બારહજાર અભ્યંતર પર્ખદાના, ચૌદહજાર મધ્યમ પર્ખદાના, તથા સોળ હજાર બાહ્ય પર્ખદાના મળી બેતાળીશ હજાર દેવો ભદ્રાસન ઉપર બેસે. તથા ઇંદ્રની પછવાડે સાત કટકના દેવો ભદ્રાસન ઉપર બેસે. ચારે દિશાએ ચોરાશી ચોરાશી હજાર આત્મરક્ષક દેવતાઓ ભદ્રાસન ઉપર બેસે; એવી રીતે સર્વે ચોસઠ ઇંદ્ર પોતપોતાના વિમાનમાં બેઠા જાણી લેવા. એ પ્રકારે સર્વે ઇંદ્ર દેવ દેવીઓ સહિત નંદીશ્વરદ્વીપે આવે. પછે સૌધર્મેંદ્ર ભગવાનના જન્મઘરને વિશે આવીને ભગવાન તથા ભગવાનની માતાને નમસ્કાર કરી ત્રણ પ્રદક્ષણા દેઈ ભગવાનની માતાને કહે કે હે રત્નકુક્ષિ ધારણી! હે રત્નગર્ભે! હે રત્ન દીપક હે માતા! પહેલા દેવલોકનો હું ઇંદ્ર છું. તે તુમારો પુત્ર પ્રથમ તિર્થંકર છે તેનો જન્મમહોત્સવ કરવા સારૂં આવ્યો છું, માટે તમે કાંઇ ડરશો નહી એમ કહી "**नमोस्तुरत्नकुक्षिधारिकेतुल्यं**" એ પાઠ ભણીને ભગવંતની માતાને અસ્વાપિની નિંદ્રા આપીને બીજું ભગવાન જેવુંજ સ્વરૂપ કરી માતાની પાસે રાખીને ઇંદ્ર પોતાનાં પાંચ રૂપ વૈક્રિય બનાવે તેમાં એક રૂપે કરી બે હાથે કરસંપુટમાં રાખ્યા ભગવાનને ઉપાડે અને એક રૂપે ભગવંતની પછવાડે રહ્યા થકા ઉપર છત્ર ધરે અને બેરૂપે બે બાજુ ચામર ઢાળે અને એક રૂપે વજ્ર ઉલાળતો ભગવંતની આગળ ચાલે, એ રીતે પાંચ રૂપે કરી ઇંદ્ર મહારાજ મેરૂપર્વત ઉપર જ્યાં પાંડુક વન છે ત્યાં ભગવંતને લઇ આવીને મેરુની ચુલિકાથી દક્ષિણ દિશીએ અતિ પાંડુકમલા શિલાને તણે શાશ્વતું સિંહાસન છે, તેની ઉપર ભગવાનને ઉત્સંગમાં લઇને ઇંદ્ર મહારાજ પૂર્વ સન્મુખ બેઠા, તેવારે ત્યાંહાં બાર દેવલોકના દશ ઇંદ્ર

ભવનપતિના વીશ ઇંદ્ર, અને વ્યંતરના બત્રીસ ઇંદ્ર, અને ચંદ્રમા તથા સૂર્ય, એ બે જ્યોતિષીના ઇંદ્ર, એમ સર્વ મળી ચોસઠ ઇંદ્ર સપરીવાર પ્રભુને સનાત્ર કરાવવાને અર્થે મળ્યા છે, તે સર્વ ઇંદ્ર તથા દેવ મળીને પોતપોતાના શેવક દેવતાઓને આજ્ઞા આપે કે જાઓ એક હજાર ને આઠ સોનાના કળશ, તથા એક હજાર ને આઠ રૂપાના કળશ, તથા એક હજાર ને આઠ રત્નના કળશ, તેમજ ચોથા સુવર્ણ રૌપ્યમય, પાંચમા સુવર્ણ રત્નમય, છઠ્ઠા રત્ન રૌપ્યમય, સાતમા સુવર્ણ રૌપ્ય રત્નમય, આઠમા મૃત્તિકામય; એ આઠ જાતિના પ્રત્યેક એક હજાર ને આઠ આઠ કળશો કરતાં આઠ હજાર ને ચોસઠ કળશ થાય; એવા સર્વ મળી અભિષેક એક કરોડ ને સાઠ લાખ હોય. તેનો વિવરો લખીએ છીએઃ—ભવનપતિના વીશ ઇંદ્ર, વ્યંતરના બત્રીશ ઇંદ્ર, વૈમાનિકના દશ ઇંદ્ર, તથા અઢી દ્વીપના એકસોને બત્રીશ, સૂર્ય, ચંદ્ર, ધરણેંદ્ર, ભૂતાનેંદ્રની બાર ઇંદ્રાણી, વ્યંતરની ચાર ઇંદ્રાણી, ચમરેંદ્રની દશ ઇંદ્રાણી, જ્યોતિષીની ચાર ઇંદ્રાણી, સૌધર્મ, ઇશાન એ બેની સોળ ઇંદ્રાણી, સામાનિક દેવોનો એક, ત્રાયત્રિંશકનો એક, લોકપાળ દેવોના ચાર, અંગરક્ષક દેવોનો એક, પર્ષદાના દેવોનો એક, પ્રજાના દેવોનો એક, અને સાત કટક દેવોનો એક, એમ સર્વ મળી બસે ને પચાસ અભિષેક થાય તે એકેક અભિષેકે ચોસઠ હજાર કળસ હોય, તે વારે ચોસઠ હજારને અઢીસોએ ગુણતાં એક ક્રોડ ને સાઠ લાખ કળશ થાય.

વળી એ એકેક જાતિના કળશ પચીશ યોજન ઉંચા, બાર યોજન પહોળા અને એક યોજનના નાળવાવાળા જાણવા; તેમજ વળી ભૃંગાર, દર્પણ, રત્ન કરંડીયા, થાળા, પાત્રિકા, પુષ્પ, ઇત્યાદિક પૂજાનાં ઉપકરણ પ્રત્યેકે એક હજારને આઠ જાણવાં. તથા મગધાદિક

તિર્થનાં જળ, ગંગા પ્રમુખ નદીઓનાં જળ, પદ્મદ્રહના જળથી, કળશા ભરી લાવે; અને ચૂલ્લહિમવંત, વૃક્ષધર, વૈટાઢય, વિજય, વક્ષસ્કાર, ઉત્તરકુરૂ, ભદ્રશાલ અને નંદનવન પ્રમુખનાં સર્વ ફળ, પ્રધાનગંધ, સર્વ ઔષધિ, પાણી પ્રમુખ અભિષેક વસ્તુ પણ દેવતા પાસેથી અણાવે, તેવારે શેવક, દેવો સર્વ કળશ ભરી પોતાના હૃદય આગળ ધરીને ઉભા રહે. તે સર્વ વિચારે છે જે ઇંદ્ર મહારાજ આજ્ઞા આપે તો કળશ ઢોળીએ. વળી તે દેવતા એવા શોભે છે કે જાણે સંસારરૂપ સમુદ્રને તરવાને અર્થે હોયના! તથા ભાવવૃક્ષને સિંચે છે કિંવા પોતાના પાપરૂપ મેલને ધુવેછે. અથવા ધર્મરૂપ પ્રાસાદ ઉપર કળશ ચઢાવે છે કે શું? હવે શક્રેંદ્રના આદેશથી પ્રથમ બારમા દેવલોકનો અચ્યુતેંદ્ર સનાત્ર કરે, એમ એક પછી એક અઢીસેં અભિષેક કરે, પછી ભગવંતનું શરીર ગંધકપાયે વસ્ત્રે લોહીને પછી ફુલ, બાવનાચંદન, અક્ષત વિગરે લેઇને આઠ પ્રકારની પુજા કરીને પછી ગીત, નૃત્ય, વાજીંત્ર બજાવે, પછી અપૂર્વ એકસોઆઠ કાવ્યની રચના કરી સ્તુતિરૂપ ભાવપુજા કરે. પછી ભગવાનને ભગવાનની માતા પાસે લાવી મૂકે. અવસ્વાપની નિંદ્રા દૂર કરે. વળી ભગવાનનો પ્રતિબિંબ ત્યાં પ્રથમ થાપન કરેલો હતો તે પણ દૂર કરીને રત્નજડીત કુંડળ યુગલ તથા દેવદુષ્ય વિગરે મુકી બાર ક્રોડ સોનૈયાની વૃષ્ટી કરી ભગવાનના અંગૂઠાથી અમૃત સંચાર કરી સર્વ ઇંદ્ર નંદીશ્વર દ્વિપમાં આવી અઠાઇ મહોત્સવ કરી પોતપોતાને સ્થાનકે જાય અને ત્યાં પણ અઠાઇ મહોત્સવ કરે.

ઇત્યાદિક ઉત્સવ દેવતાએ કર્યો; પરંતુ બંધીખાનામાંથી કેદીઓને છોડી મુકવા તથા તોલ વધારવા તથા કુળ મર્યાદા કરવી તથા પુજાદિકને અર્થે દ્રવ્ય રખાવવો તે કૃત્ય મુગલીયાના વખતમાં ગામ શેહેર

દિકના અભાવને લીધે હતા નહીં, માટે લખ્યાં નથી. તથા તે વખત સર્વ યુગલીયા હતા તેથી પ્રભુનું નામ સ્થાપન કરવાના મહોત્સવ સંબંધી વ્યવહાર પણ ચાલ્યો નહી. તેવારે ભગવાનની જંઘામાં રોમનું વૃષભ સરિખો લાંછન દીઠો તથા પ્રભુની માતાએ સ્વપ્નમાં પણ વૃષભ દીઠો તેથી રૂષભ એવું નામ દીધું. તે ભગવાન મહા સ્વરૂપવાન થકા દેવ તથા દેવીઓ સાથે રમત કરે; ઇંદ્રાણી પોતે ખોળામાં લેઇને રમાડે.

હવે સુનંદા યુગલીયાણી તો ભગવાનની સાથેજ યુગલપણે જન્મી હતી તથા એક યુગલીયાના મસ્તક ઉપર તાલ વૃક્ષનું ફળ પડ્યું તેથી તે બાળપણમાંજ મરણ પામ્યો અને તેની સાથે જન્મેલી યુગલણી જીવતી રહી હતી, તેને બીજા કોઇ યુગલીયાએ દીઠી તેણે તિહાંથી ઉપાડી નાભીકુલધરને આપી. નાભીકુલધરે કહ્યું કે આ મારા ઋષભદેવની સુનંદાની સાથે એ પણ સ્ત્રી કરીશું એમ કહી તેનું સુમંગળા એવું નામ આપ્યું. તે પણ ભગવાનની સાથે વધે છે, અને ભગવાનનું સુવર્ણમય શરીર છે. હવે રૂશભદેવજી મુણુ મુણુ બોલે, થાકતા થાકતા ચાલે, હસે, તેવારે માતા કહેઃ—હે પુત્ર તું ઇંદ્રાણીને વલ્લભ છે, અને દેવતાએ દીધેલા અમૃતનું પાન કરે છે, મારી પાસે તો રહેતો નથી, મહારા સ્તનનું પાન પણ કરતો નથી. તો હું તારી માતા છું એવું જગતમાં કોણ જાણશે? ઇત્યાદિક વાતો કરી રમાડે છે. હવે જેવારે ભગવાન દેશે ઉણા એક વર્ષના થયા તેવા અવસરમાં ઇંદ્ર મહારાજ ભગવાનનું વંશ સ્થાપન કરવા સારૂં હાથમાં સેલડી લેઇને આવ્યા. તેવારે ભગવાન નાભિકુલધરના ખોળામાંહે બેઠા હતા, તે ખોળા માંહેથી સેલડી લેવા સારૂં હાથ લાંબો કર્યો, થી ઇંદ્રે જાણ્યું જે પ્રભુને સેલડી ખાવાનું મન થયું, તે માટે ઇંદ્રે

તિહાં ભગવાનનો વંશ ઇક્ષ્વાકુ કુળ સ્થાપન કર્યો. શ્રી ઋષભદેવને દેવકુરૂ અને ઉત્તર કુરૂક્ષેત્ર સંબંધી કલ્પવૃક્ષોના ફળનો આહાર દેવતાઓએ આણી આપ્યો, તે આહાર ગૃહસ્થપણામાં થયો અને બાળપણામાં તો અંગુઠામાં દેવોએ સંચારેલા અમૃતનો અહાર સર્વ તીર્થંકરોને હોયછે અને એક શ્રી ઋષભદેવ વિના બીજા તીર્થંકરોને તો બાળપણું ટળ્યા પછી મોટા થાય તેવારે પકવ થયેલો અહાર હોય અને સંયમ લીધા પછી તો સર્વ તીર્થંકરોને પ્રાંસુ આહાર હોય.

હવે ભગવાન જે વારે ભોગ ભોગવવાને સમર્થ થયા તે વારે સર્વ ઇંદ્ર અને ઇંદ્રાણીયો, ચારે નિકાયના દેવ અને દેવીઓ વીવાહ કરવા આવ્યાં તેમાં ઇંદ્રાદિક દેવો તો વરરાજાની તરફ રહ્યાથકા વીંદ બનાવ્યો (શણગાર કરાવ્યો) અને ઇંદ્રાણીઓ પ્રમુખ સર્વ દેવીઓએ મળીને કન્યાની તરફ રહી થકી સુનંદા તથા સુમંગળાને વીંદણીયો બનાવી (શણગાર કરાવ્યો) માંડવા માંડયા, ઇત્યાદિક વિવાહ સંબંધી જે રીતીયો છે, તે રીતીયો કરીને વરકન્યાને પરણાવ્યાં. ત્યાંથી યુગલીયામાં વિવાહ કરવાની રીતી પ્રવર્ત્તમાન થઈ તે આજ દિવશ પર્યંત ચાલી આવે છે. હવે શ્રી ઋષભદેવજીને સુનંદા તથા સુમંગળા, એ બે રાણીયો સાથે ભોગ ભોગવતાં છ લાખ પૂર્વ વ્યતિક્રમ્યા, તે વારે સુમંગલાને ભરત અને બ્રાહ્મી, એ બે પુત્ર પુત્રીનો જોડલો થયો અને સુનંદાને એક તો બાહુબળી તથા સુંદરી, એ બે પુત્ર પુત્રીનો જોડલો થયો તથા ઓગણપચાસતો પુત્રોનાંજ જોડલાં થયાં. એ રીતે ઋષભદેવ સ્વામીને સો પુત્ર તથા બે પુત્રીનો પરીકર થયો.

હવે કાળના મહાત્મ્યથી અનુક્રમે દિવસે દિવસે યુગલીયામાં કષાયની વૃદ્ધિ થવા માંડી તે વારે હકાર, મકાર, અને ધિક્કાર એ ત્રણ

જે દંડ નીતિઓ ચાલતી હતી તેને પણ લોક ઉલંઘન કરવા લાગ્યા. તેને માન્ય ન કરતાં પોતપોતામાં ક્લેશ ઉત્પન્ન થવાથી શ્રી ઋષભદેવની પાસે આવી કહેવા લાગ્યા કે અમારો ન્યાય કરી આપો. તે વારે ભગવાન બોલ્યા, હું રાજા નથી, મહારા પિતા નાભિલકુલધર છે તેમની પાસે તુમે જાઓ. તે સાંભળી યુગલીયા નાભીરાજા પાસે ગયા. નાભીરાજાએ તેમને કહ્યું કે તમારો રાજા ઋષભદેવ હોજો, તે તમારો ન્યાય કરશે.

એ અવસરમાં ઇંદ્ર મહારાજનું આસન ચલાયમાન થયું, તે વારે અવધિજ્ઞાનથી ભગવાનને રાજ્યપાટે સ્થાપન કરવાનું અવસર જાણી ઇંદ્રમહારાજે તિહાં આવી ભગવાનને મુકુટ, કુંડળ, હાર પહેરાવી સિંહાસન ઉપર બેસાડી રાજ્યાભિષેક કર્યો, તિહાં યુગલીયા ઇંદ્ર મહારાજના કહેવાથી જળ લેવા ગયા હતા; પરંતુ તે રાજ્યાભિષેક થઇ ગયા પછી જળ લેઇને આવ્યા તે વારે ભગવાનને શણગાર સહિત સિંહાસન ઉપર બેઠેલા જોઇને યુગલિયાને વિવેક આવ્યો જે બીજા તો સર્વ શરીર ઉપર શોભા થઇ રહી છે; પરંતુ એક ભગવાનના પગ ખાલી દેખાય છે, એવું જાણી પગ ઉપર પાણી ઢોળ્યું. કેટલીક પ્રતોમાં તો યુગલીયા માંહોમાંહે વઢવાડ કરીને નાભિકુલધર પાસે ન્યાય કરાવવા ગયા. નાભિરાજાએ તેમને કહ્યું કે અમે ધરડા થયા માટે તમે ઋષભને જઇ કહો તે તમારો ન્યાય કરશે. યુગલીયાયે જઇ ઋષભજીને કહ્યું ત્યારે ઋષભજી બોલ્યા. મને રાજ્યાભિષેક કરી રાજા સ્થાપ્યો, તે વારે યુગલીયાયે ધુળનો એક મહોટો ઓટલો બનાવી તેના ઉપર પ્રભુને બેસાડી પોતે અભિષેક કરવા પાણી લેવા ગયા. એવામાં ઇંદ્રનું આસન કંપ્યું, તેણે આવીને મુકુટાદિક અલંકાર પહેરાવી સિંહાસને બેસાડી,

વસ્ત્ર વિભૂષિત કરી રાજ્યાભિષેક વિધિ સાચવ્યો. પ્રભુ ઉપર છત્ર ધારણ કર્યું. ચામર વિંજતો થકો ઇંદ્ર પોતે પ્રભુની સેવા કરેછે એટલામાં યુગલીયા પણ કમળપત્રના દડામાં પાણી ભરી લઈ આવ્યા ત્યાં ભગવાનનું સ્વરૂપ સર્વ અલંકાર વિભુષિત દેખીને ચિંતવવા લાગ્યા કે પ્રથમ ભગવાનના કહેવા પ્રમાણે જો આપણે એમના મસ્તક ઉપર નાંખીયે તો સર્વ વસ્ત્ર અલંકાર ભીંજાઇ જાય,માટે સ્વામીનો ડાબો પગ છુટો છે તેના ઉપર ન્હાવણ કરીયે. એમ વિચારી ડાબા પગ ઉપર અભિષેક કીધો ત્યારે ઇંદ્ર મહારાજ બોલ્યા, એ યુગલીયા ભલા વિનીત પુરૂષો છે તે માટે યહાં વિનીતા નામે નગરી વસાવવી એવું કહીને વૈશ્રવણ નામે દેવને ઇંદ્રે નગરી વસાવી આપવાની આજ્ઞા આપી ત્યારે વૈશ્રવણે વિનીતા નગરી બનાવી, તે કેવી રીતની બનાવી.

હવે તે નગરી બાર યોજન લાંબી, નવ યોજન પહોળી, આઠ દરવાજા, અને ફરતો મહોટો કોટ કર્યો, ઇશાનકોણમાં સાત ભૂમિઓ ચોખુણો એવો એક નાભીરાજાને રહેવા માટે મેહેલ બનાવ્યો, અને પૂર્વ દિશાએ ભરતને રહેવા માટે સાત ભૂમિનો મેહેલ બનાવ્યો, અગ્નિ કોણમાં બાહુબળીને રહેવા માટે એક મહોટો મેહેલ બનાવ્યો, તેની વચમાં ઋષભદેવજીને રહેવા સારૂ એકવીસ ભૂમિનો મેહેલ બનાવ્યો. એકસો આઠ જિન મંદીર બનાવ્યાં, વળી રાજ્યને અર્થે હાથી, ઘોડા, ગાય, ઉંટ, બળદ પ્રમુખ ચતુષ્પદોનો સંગ્રહ કર્યો. આગળ તો એ હાથી પ્રમુખ સર્વ જીવો જંગલમાં ફરતા રહેતા હતા. વળી કેટલાએક યુગલીયા અપરાધમાં આવે તેને દંડ દેવા માટે ઉગ્રા એવા નામથી માણસો સ્થાપન કર્યા. કેટલાક મંડલાધિપ કરીને તેમને રાજન્ય એવા નામથી થાપ્યા, બીજા પાયદળ ક્ષત્રિયો એવા નામ કરી થાપ્યા. એમ ચાર પ્રકારના પુરૂષોની વ્યવસ્થા થઇ. વળી જે બ્રહ્મચર્ય પાળે તે

બ્રાહ્મણ, જે શસ્ત્ર રાખે તે ક્ષત્રી, ખેતી કરાવે તે વૈશ્ય, ચાકરી કરે તે શુદ્ર, એવાં નામ સ્થાપન કર્યાં. વળી એ વિનીતા નગરીમાં ચોરાશી ચૌટાં કર્યાં. તેમાં સોગંધિક, ગાંધી, તંબોળી, કંદોઇ, સોનાર, મણીયાર, સોનું વેચનાર, માણીક વેચનાર, નાણાવટી, ભાડભુંજા, ધાન્યબજાર, દોશી, ચમાર, કંસારા, માળી, ઘૃતબજાર, તથા તેલ, સૂત્ર, કપાસ, ભાંડા, ભાડા ઇત્યાદિક બજારો કરી અનેક જાતના ઉદ્યમીઓ વગેરે થયા.

વળી ઋષભદેવ સ્વામીનાં પાંચ નામ થયાં. એક ઋષભનાથ, બીજું પ્રથમ રાજા, ત્રીજું પેહેલા ભિક્ષાચર, ચોથું પેહેલા કેવળી, અને પાંચમું પેહેલા તીર્થંકર, એ પાંચ નામ થયાં.

શ્રી ઋષભદેવ અરિહંત મહા ચતુર, ભલી પ્રતિજ્ઞાના પાળનાર, ભલા રૂપવંત સર્વગુણો સહિત, સરલ, વિનીત, વીશલાખ પૂર્વ પર્યંત કુમરપદે રહ્યા ત્રેશઠલાખ પૂર્વ લગે રાજ્યભોગવ્યું, તિહાં રાજ કરતે લખવાની કળા, ગણવાની કળા,, બહોતેર કળા પુરૂષોની તથા ચોસઠ કળા સ્ત્રીયોની, કારીગરોના સોભેદ, ખેતી કર્માદિક ત્રણ કર્મ ઇત્યાદિક વાતોનો લોકોના હિત કરવાસારૂ ઉપદેશ દેઇને, સો પુત્રોને સો દેશનું જુદુ જુદુ રાજ્ય આપ્યું.

વળી ભરતની સાથે બ્રાહ્મી જન્મી હતી તે બાહુબળીને પરણાવી અને જે બાહુબળીની સાથે સુંદરીનો જન્મ થયો હતો તે ભરતને સ્ત્રી રત્ન કરવા માટે રાખી. એટલે યુગલધર્મ મટાડ્યો, હવે યુગલીયાને આહાર પચે નહી તે આશ્રી કહે છેઃ–પ્રથમ તો યુગલીયા કલ્પવૃક્ષનાં પત્રાદિકનો આહાર કરતા હતા તે અયોગ્ય થાય, ખાવા યોગ્ય રહ્યા નહી. તે વારે લોક મુળ, પત્ર, અને કંદફળ અને ફૂલનો આહાર કરવા લાગ્યા. અપક્વશાલી પ્રમુખ કાચું ધાન ખાવા લાગ્યા, તે ખાતાં ખાતાં પચે નહી. પેટમાં દુખી આવે તે વારે ભગવાન

છે ભગવાને કહ્યું. લગારેક હાથમાં મશળીને હાથની બાફ આપીને ખાઓ તોપચી જશે. કેટલાએક દિવસ પછી તે પણ પચ્યો નહી. પછી કાખમાં અને હૃદયમાં રાખી બાફ આપી આહાર કરવા કહ્યું. કેટલાક કાળ પછી તે પણ પચવા લાગ્યો નહી. એવા અવસરે વનમાંહે વંશ ઘાસને ઘાસતે અગ્નિ ઉપન્યો તે દેખીને યુગલીયાયે જાણ્યું એ કોઇ અપૂર્વ રત્ન ઉત્પન્ન થયું છે એવું જાણી તેને હાથમાં લેવા લાગ્યા તેથી બળવા માંડયા તે વારે તેનાથી બીહીતા થકા ઋષભદેવજીને જઈ કહેવા લાગ્યા કે,—હે સ્વામી ! એક અપૂર્વ રત્ન ઉપન્યું છે. પરંતુ તેમાં ક્રોધ ઘણો છે. તેથી હાથ લગાડીયે તો બાળવાને દોડે છે. એ વિશે ક્યાંએક એવું પણ લખેલું છે કે યુગલીયાઓએ જઇ ભગવાનને કહ્યું કે કોઈ રાક્ષસ ઉઠયો છે. પછી ભગવાને અવધિજ્ઞાને જોયું તો અગ્નિ ઉપન્યો દીઠો, તે વારે યુગલીયાને કહ્યું કે તમો એમાં તૃણ લગાવીને અગ્નિ ગ્રહણ કરો તેમાં શાલી પ્રમુખ ધાન્ય પચાવીને ખાઓ. તે વારે યુગલીયાઓએ પસવાડાના તિરણા તોડીને અગ્નિ જુદી સળગાવી તેમાં ધાન્ય નાંખ્યું તે સર્વ બળી ગયું, કાંઇ પણ પાછું હાથમાં આવ્યું નહી. તે જોઈ ફરી ભગવાન પાસે આવીને કહેવા લાગ્યા કે, તે પોતેજ ભૂખ્યો છે માટે સર્વ ધાન્ય ખાઇ જાય છે અમને કાંઈ પણ આપતો નથી, તે સાંભળી ભગવાને કહ્યું હું હાથી ઉપર ચઢીને આવું ત્યારે મને એક માટીનો પીંડ આપજો. પછી યુગલીયાએ તેમજ કર્યું. માટીનો પીંડ લઇ આવ્યા. તે માટીમાંથી ભગવાને હાંડી, કુંડી પ્રમુખ વાસણ વનાવી આપ્યાં અને સર્વે રીત પણ કહી સમજાવી જે આવી આવી રીતે બનાવીને વાસણાદીમાં પચાવી એમાં ધાન્ય પાણી નાંખીને અગ્નિ ઉપર ચઢાવી પાકુ ધાન્ય કરીને ખાઓ, એવા ભગવાને બતાવેલા વિધિથી યુગલીયા અન્નને પચાવીને ખાવા લાગ્યા તે વારે અન્ન પચવા લાગ્યું. એ ભોજનવિધિ કહ્યો.

હવે ભગવાને અઢાર જાતીની લીપી બ્રાહ્મીને જમણા હાથથી લખવાને બતાવી. તેનાં નામઃ-હંસલીપી, ભુતલીપી, યક્ષલીપી, રાક્ષસ લીપી, ઉદ્દીલીપી, યાવનીલીપી, તુરકીલીપી, કીરીલીપી, દ્રાવડીલીપી, સૈંધવીલીપી, માળવીલીપી, નડીલીપી. નાગરીલીપી, પારીસીલીપી, અનિમિતિલીપી, ચાણાક્ીલીપી, મુળદેવીલીપી, એ અઢાર લીપીનાં નામ તથા બીજી પણ દેશના નામે લીપી; જેમકે લાટી, ચોટી, ડાહાલી ઈત્યાદિક લીપી જાણવી, તથા ગણીત જે આંકનો વિધાન તે સુંદરીને ભગવાને ડાબા હાથે કરવાને બતાવ્યું. તે સ્યાભણી તો કે " **અંકના વામતો ગતિ અક્ષરાણાં દક્ષિણ તો ગતિઃ**" વળી ભરત મહારાજને રૂપ કરવાનું કર્મ બતાવ્યું તથા બાહુબળીને પુરૂષાદિ લક્ષણ બતાવ્યાં, તથા પુરૂષની બહોતેર કળાઓ બતાવી તેનાં નામ નિચે પ્રમાણેઃ-

૧ લેખનકળા, ૨ પઠનકળા, ૩ ગણિતકળા, ૪ ગીતગાવાની, કળા, ૫ વીણા બજાવવાની કળા, ૬ તાલમાનની કળા, ૭ ઢોલ બજાવવાની કળા, ૮ મૃદંગ બજાવવાની કળા, ૯ વીણા બજાવવાની કળા, ૧૦ વાંસળી બજાવવાની કળા, ૧૧ ભેરી વજાવવાની કળા, ૧૨ હાથી પરખવાની કળા, ૧૩ ઘોડા પરખવાની કળા, ૧૪ ધાતુવાદની કળા, ૧૫ દષ્ટીવાદની કળા, ૧૬ મંત્રવાદની કળા, ૧૭ પલિત વિણાસની કળા, ૧૮ રત્નલક્ષણ, ૧૯ નારી લક્ષણ, ૨૦ નર લક્ષણ ૨૧ છંદ કરણ, ૨૨ તર્કવાદ, ૨૩ ન્યાય, ૨૪ તત્વવિચાર, ૨૫ કાવ્યકરણ, ૨૬ જ્યોતીષ, ૨૭ ચારવેદની કળા, ૨૮ વૈદ્યાકળા, ૨૯ ખટભાષાજ્ઞાન, ૩૦ વશીકરણ, ૩૧ અંજન, ૩૨ લિપી, ૩૩ કૃષીકર્મ, ૩૪ સુપન, ૩૫ વાણિજ્ય, ૩૬ રાજ્યશેવા ૩૭ શકુન, ૩૮ ઈંદ્રિજાળ, ૩૯ વાયુસ્થંભન, ૪૦ અગ્નિ સ્થંભન, ૪૧ મેઘવરસાવવાની કળા, ૪૨ લેપન કળા, ૪૩ મર્દનકળા, ૪૪ ઉર્ધ્વજાવાની કળા, ૪૫ વટબંધનની કળા,

૪૬ ઘણો ફેરવો, ૪૭ પત્રછેદવો, ૪૮ મર્મભેદન, ૪૯ ફળખેંચવો, ૫૦ પાણીવૃષ્ટી, ૫૧ લોકાચાર શીખવવાની કળા, ૫૧ લોકોની મરજી રાખવાની કળા, ૫૩ ફળ ભરવાની કળા, ૫૪ ખડ્ગધારવાની કળા, ૫૫ છુરીબંધન, ૫૬ મુદ્રાકરણ, ૫૭ લોહઘટન, ૫૮ દંતસમારણ, ૫૯ કાષ્ટછેદન, ૬૦ ચિત્રકરણ, ૬૧ બાહુયુદ્ધ, ૬૨ દ્દષ્ટીયુદ્ધ, ૬૩ મુષ્ટીયુદ્ધ, ૬૪ દંડયુદ્ધ, ૬૫ ખડગયુદ્ધ, ૬૬ વાગયુદ્ધ, ૬૭ ગરૂડમર્દન, ૬૮ સર્પદમન, ૬૯ ભૂતદમન, ૭૦ યોગ્યધ્યાન, ૭૧ વર્ષજ્ઞાન, ૭૨ નામવળી એ પુરૂષની બહોતેર કળા ભગવાને બતાવી. વળી સ્ત્રીયોની ચોસઠ કળા બતાવી તેનાં નામ નિચે મુજબઃ—

૧ નાચવાની કળા, ૨ આદરદેવાની કળા, ૩ ચિત્રકળા, ૪ વાદકળા, ૫ મંત્રકળા, ૬ તંત્રકળા, ૭ જ્ઞાનકળા, ૮ વિજ્ઞાનકળા, ૯ દંડકળા, ૧૦ જળસ્થંભનકળા, ૧૧ ગીતગાવાનીકળા, ૧૨ તાલમાનની કળા, ૧૩ મેઘવૃષ્ટીની કળા, ૧૪ ફળાકૃષ્ટીની કળા, ૧૫ વાગ્ગોપાન, ૧૬ આકારગોપન, ૧૭ ધર્મવિચાર, ૧૮ શકુન જોવું, ૧૯ ક્રિયાકલ્પ, ૨૦ સંસ્કૃત ભાષા બોલવી, ૨૧ પ્રસાદ નીતિ, ૨૨ ધર્મનીતિ, ૨૩ વણિકાવૃષ્ટી, ૨૪ સુવર્ણસિદ્ધિ, ૨૫ સુગંધિ તેલ કરવું, ૨૬ લીલાસહિત ચાલવું, ૨૭ હાથીઘોડાની પરિક્ષા કરવી, ૨૮ પુરૂપ સ્ત્રી લક્ષણ જાણવું, ૨૮ સુવર્ણ રત્ન ભેદનું જ્ઞાન. ૩૦ અઢાર જાતીની લીપી, ૩૧ તાત્કાળીક બુદ્ધિ, ૩૨ વાસ્તુ સિદ્ધિ, વૈદ્યક્રીયા, ૩૪ કામક્રિયા, ૩૫ ઘટભ્રમણ, ૩૬ સારિ પરિશ્રમ, ૩૭ અંજનયોગ, ૩૮ ચુર્ણયોગ, ૩૯ હસ્તલાઘવ, ૪૦ વચનચતુરતા, ૪૧ ભોજનવિધિ, ૪૨ વાણિજ્યવિધિ, ૪૩ મુખમંજન, ૪૪ શાલીખંડન, ૪૫ કથા કહેવી, ૪૬ ફુલગુંથન, ૪૭ વાંકુ બોલવું, ૪૮ કાવ્ય શક્તિ, ૪૯ વેશ બનાવવો. ૫૦ સર્વ પ્રકારની ભાષાઓ બોલવી, ૫૧ અભિધ્યાનજ્ઞાન, ૫૨ ઘરેણ પહેરવાં,

૫૩ રાજાની ભક્તિ કરવી, ૫૪ ઘરનો આચાર શીખવો, ૫૫ કાવ્ય કરણ, ૪૬ પરને હરાવવો, ૪૭ ધાન્ય રાંધવું, ૫૮ કેશ બાંધવા—ગુંથવા, ૫૯ વીણા બજાવવી, ૬૦ વિતંડાવાદ, ૬૧ અંક વિચાર, ૬૨ લોક વ્યવહાર, ૬૩ અંત્યાક્ષરીકા, ૬૪ પ્રશ્નપ્રહેલિકા. એ ચોસઠ સ્ત્રીઓની કળા ભગવાને બતાવી તથા ઋષભદેવજીના સો પુત્રના કેટલાકનાં નામ પણ નિચે પ્રમાણેછે:—

૧ ભરત, ૨ બાહુબલી, ૩ મસ્તક, ૪ પુત્રાંમારક, ૫ મલ્લિદેવ, ૬ અંગજયોતી, ૭ મલયદેવ, ૮ ભાર્ગવનાથ, ૯ અંગદેવ, ૧૦ વસુદેવ, ૧૧ મગધ નાયકા, ૧૨ ઇત્યાદીક સો પુત્ર જાણુવા. તેમાંથી ભરતને તો અયોધ્યાનું રાજ્ય આપ્યું અને બીજા અઠાણું પુત્રોને અંગ, વંગ પ્રમુખ દેશોનાં રાજ્ય આપ્યાં, પછી લોકાંતીક દેવોના સચવવાથી વરસી દાન દઇને ગોત્રીઓને ધન વેહેંચી આપ્યું.

હવે ભગવાન દીક્ષાના દિવસથી એક વર્ષ પહેલાં વરસી દાન દેવા માંડે તે સૂર્ય ઉગ્યાથી માંડીને જમવાની વેળા સુધી, પ્રતિ દિવસે પ્રભાતના સવાપહોર દીવસ ચઢતાં સુધી નીત્ય પ્રતે એક ક્રોડને આઠ લાખ સોનૈયા ભગવાન દાનમાં આપે અને ગામમાં ઉદ્‌ઘોષણા કરે કે જેને જે વસ્તુ જોઇએ તે ધણી તે વસ્તુ માગે. તે વારે જે ધણી જે માગે તેને તે આપે તે સર્વ શક્રેંદ્રના આદેશથી દેવતા પુર્ણ કરે. એવી રીતે એક વર્ષમાં ત્રણ અબજ અઠયાશીક્રોડ ને એંશી લાખ સોનૈયા એક વર્ષમાં દાન આપે. તે સોનૈયો એંશી રતીભાર જેટલો હોય, અને તેના ઉપર તીર્થંકરના મા બાપનું તથા પોતાનું નામ હોય તે બારસો સોનૈયાનો એક મણ કરતાં નવ હજાર મણુ સોનૈયા દિન પ્રત્યે દાન દેવાય તેના આજના સમય પ્રમાણે એક ગાડલામાં ચાલીશ મણુ ભાર નાંખતાં બસોને પચીસ ગાડલાં થાય તે સોનૈયા શક્રેંદ્રના આદેશથી વૈશ્રવણુ દેવતા દેવમાયાએ

કરી આઠ સમયમાં નિપજાવીને, તીર્થંકરના ઘરમાં ભરે એ દાન દેવાનો અતિશય છે, અને ભગવાનના હાથને વિશે સૌધર્મેંદ્ર એવી સ્થિતિ કરે કે દાન દેતાં થકાં તીર્થંકરનો હાથ થાકે નહી. અને ઇશાનેંદ્ર રત્ન સુવર્ણની લાકડી લઈ ઉભો રહે તે ચોસઠ ઇંદ્રિ વરજીને સામાન્ય દેવતાઓને દાન લેતાં વરજે તથા જે મનુષ્યના લલાટ માંહે જેવી પ્રાપ્તી હોય જેવું જેને આપવું પોશાય તેવું તેના મુખમાંથી ઇશાનેંદ્ર કહેવરાવે, તથા ચમરેંદ્ર અને બલેંદ્ર એ બે ઇંદ્રિ જો તીર્થંકરના મુઠીમાંહે અધિક દ્રવ્ય આવ્યું હોય તો પાછું પડાવી નાંખે અને ઓછું દ્રવ્ય આવ્યું હોય તો પૂર્ણ કરે. માગનારની પ્રાપ્તી માફક પામે. એ પ્રભુના હાથનું દાન સર્વ ભવ્ય જીવોને મળે; પરંતુ અભવ્યને તો એ પ્રભુના હથનું દાન સર્વથા મળેજ નહી.

હવે ભગવાન મહારાજનો દીક્ષા સમય જાણી ચોસઠ ઇંદ્ર અભિષેક કરવા આવે, પછી ભગવાનને પૂર્વ સન્મુખ બેસાડીને દેવતાએ લાવેલા જળથી ભગવાનને અભિષેક કરે તે વખતે ઇંદ્રાદિક દેવો સર્વ ભૃંગાર દર્પણ હાથમાં લેઇ જય જય શબ્દ કહેતા થકા આગળ ઉભા રહે, પછી ભગવાનના શરીરને લુછી બાવનાચંદને કરી શરિર લેપે, અમુલ્ય વસ્ત્ર, મુકુટ, મોતીના હાર, કંઠસૂત્ર, કેયુર, બાજુબંધ, બહિરખા અને કુંડલાદિક સર્વ જાતના આભર્ણ પહેરાવે, પુષ્પાદિકે કરીને કલ્પ વૃક્ષ સમાન કરે, પછી ચંદ્રપ્રભા નામે પાલખી પ્રભુના મુખ આગળ મુકે અને પ્રભુ પાલખીમાં પૂર્વ સન્મુખ સિંહાસને આવીને બેસે અને ભગવાનની જમણી બાજુ કુળમાં વડેરી કુળ મહત્તરિકા હંસલક્ષણની સ્ત્રી સાડી લઇને બેસે તથા ડાબી બાજુ ભગવાનની ધાવ્ય માતા આવી દીક્ષાનાં ઉપકરણ લેઇને બેસે તથા ભગવાનની પછવાડે સોલ શણગાર પહેરીને એક ઘણીજ સ્વરૂપવાન ભલી સ્ત્રી છત્ર ધરીને

બેસે તથા ઈશાન કોણે એક સ્ત્રી જળે પૂરણ કળશ હાથમાં લઈ ઉભી રહે, અગ્નિ કોણે એક સ્ત્રી મણીમય વિચિત્ર વીંઝણો કરતી ઉભી રહે, એ સર્વ સ્ત્રીયો શણગાર કરેલી યુવાન અવસ્થાવાળી જાણવી.

પછી શક્રેંદ્ર તે પાલખીની જમણી બાજુની આગલી ઉપરની તરફની બાંહ ઉપાડે, તથા ઇશાનેંદ્ર ડાબી બાજુની આગલી ઉપરની બાંહ ઉપાડે તથા ચમરેંદ્ર જમણી બાજુની પાછલી તરફની ઉપરની બાંહ ઉપાડે તથા બલિંદ્ર ડાબી બાજુની પાછલી ઉપરની બાંહ ઉપાડે અને બીજા ભવનપતિ વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોના જે ઇંદ્ર તે જીહાં દેખે તિહાંથી ઉપાડે. કેટલાએક દેવ દુંદુભી વજાવે, કેટલાએક પંચવર્ણ ફૂલનો વર્ષાદ કરે. પછી શક્રેંદ્રને ઇશાનેંદ્ર બાંહને છોડીને ચામર ઢોળે તે વારે શીબીકાને બીજા ઇંદ્ર ઉપાડે પછી સુરેંદ્ર, અસુરેંદ્ર, નાગેંદ્ર ઉપાડે બીજા સર્વ દેવો હર્ષ પામ્યા થકા કેટલાએક આકાશે રહ્યા થકા નૃત્યાદિક કરે. આ ઠેકાણે જેમ નવ ખંડ ફૂલે કરી શોભે, જેમ પદ્મ સરોવરમાં શરદકાળે કમળ શોભે. તેમ દેવતા આકાશે રહ્યા થકા શોભેછે. તથા જેમ અળશીનું વન, કરેણાનું વન, ચંપાનું વન, ફૂલે કરી શોભે છે તેમ નગરથી માંડીને, દેવતાના ભવન સુધી દેવદેવીયોએ કરી આકાશ શંકિરણ થયું શોભે છે. પડહ ભેરી ઝલરી દુંદભી ઇત્યાદિ કરોડોગમે વાજીંત્ર આકાશે તથા ધરતીયે વાજી રહ્યાં છે, ઘરના વ્યાપાર ધંધા મુકી મનુષ્યના વૃંદ જોવા મળ્યા છે, હવે પાલખી ચાલતાં દેવ દેવી તથા નરનારી પોતપોતાની ખુશી પ્રમાણે મનમાં આવે તેવા પ્રકારનાં હર્ષનાં વાજા વજાવે છે, ગાય છે, નાચે છે ફૂલ ફળ મોતી પ્રમુખને વરસાવેછે. હવે વરઘોડામાં ભગવાનની આગળ સૌથી પહેલા તો આઠ મંગળ ચાલે, પછી પૂર્ણ કળશ ભૃંગાર ચાલે, પછી મોટી વૈજયંતી ધ્વજા ચાલે, પછી છત્રધર ચાલે, પછી મણીપીઠ સિંહાસન ચાલે. પછી શણગા-

રેલા પણ અસ્વાર વિનાના એકસોને આઠ હાથી ચાલે, પછી એકસોને આઠ ઘોડા ચાલે, પછી એકસોને આઠ રથ ચાલે, પછી એકસોને આઠ પુરૂષ ચાલે, પછી ઘોડા, હાથી, રથ અને પાળા એ ચાર પ્રકારની સૈન્યા ચાલે, પછી એક હજાર યોજન ઉંચો અને નાની નાની એક હજાર ધ્વજાએ મંડીત એવો મહેંદ્રધ્વજ ચાલે, પછી દેવ દેવી પ્રજાલોક વિગેરે ચાલે, તે વખત અનેક પ્રકારનાં વાજાં વાજે તેનો શબ્દ સાંભળીને નગરની સ્ત્રીયો પોતપોતાનું કામ મુકીને ત્યાં કને આવે, કારણ કે ત્રણ વાતો સ્ત્રીયોને વલ્લભ છે. એક ઝઘડો, બીજું કાજલ, અને ત્રીજો સિંદૂર વળી ત્રણ વાતો બીજી અત્યંત વલ્લભ છે. એક દૂધ બીજો જમાઇ, અને ત્રીજું વાજું.

यतः—तिन्निवितियां वल्लहा, कलिकजलसिंदुर;

एपुण अतिहिवल्लहा, दूधजमाइतुर.

માટે તે સ્ત્રીયો વાજાનો શબ્દ સાંભળીને ઉતાવળથી આવીયો અને કેટલીક ચાવલ ઉછાળે છે, કેટલીક નાચેછે. એવા આડંબરથી ભગવાનનો દિક્ષા મહોત્સવ થયો.

પછી ભગવંતે ચાર હજાર પુરૂષો સાથે દિક્ષા લેઇ વિહાર કર્યો હતો, તે વખત ચાર મુષ્ટી લોચ કર્યો હતો અને બીજા તીર્થંકર સર્વે પાંચ મુષ્ટી લોચ કરે છે તેનું કારણ કહી દેખાડેછેઃ—ભગવાને જે વારે ચાર મુષ્ટી લોચ કરી લીધો તે વારે પાંચમી મુઠીએ ઉખેડી નાંખીયે એટલા કેશ પાછળ ચોટલીમાં રહ્યા એટલામાં પવન થયો તેને લીધે તે કેશની શીખા ફરકીને પહોળી થઈ તેથી ઘણીજ શોભવા લાગી, તે જોઇને ઇંદ્ર મહારાજે પ્રભુને વિનતી કરી કે મહારાજ કેશની શીખા ઘણીજ સારી રમણિક દેખાયછે. માટે એમજ રહેતો

સારૂ! પ્રભુએ પણ તે શીખા એમજ રાખી. તે જેમ પદ્મદ્રહમાંથી સિંધુ નદી નિકળતી વખતે સવા છ યોજનની પહોળાઇછે, અને પછી અનુક્રમે વધતી વધતી સમુદ્રમાં મળતાં સાડી બાસઠ યોજનની પહોળપણે થએલી છે. તેમ એ ચોટલી પણ મસ્તકના થડમાંથી નિકળેલી તે આગળ આગળ પહોળાઇમાં વિસ્તારને પામતી દીઠામાં આવી તેથી પદ્મદ્રહ સિંધુ નદીના પ્રવાહની પેઠે શોભાકારી દેખાવા લાગી. તેને લોક ભાષાએ અહા ચોટલી પણ કહેછે.

હવે ભગવાન ઘોર અભિગ્રહધારી થયા થકા ગ્રામાનુગ્રામે વિહાર કરતાં આકરા પરિસહ સહન કરતા થકા વિચરેછે, તિહાં ભગવાનને અધપી છઠ તપનું પારણું કરવું હતું તથાપી તે વખતે સુપાત્ર સાધુને દાન દેવાનો વિધિ કોઇ જાણતો નહોતો, ભિક્ષાનો વ્યવહાર કોઇ જાણતો નથી, સાધુ તે શું અને ભિક્ષા તે વળી શું? એવું કોઇ સમજે નહી તે વખત કોઇ ભીક્ષાનો માગનાર પણ દુનિયામાં હતો નહી. તેણે કરી જ્યાં જાય ત્યાં કોઇ અન્ન આપે નહી તેથી ચાર હજાર સાધુએ। ભૂખ તૃષાએ પીડયા થકા પ્રભુને આહારનો ઉપાય પુછવા લાગ્યા, પણ પ્રભુ કાંઇ બોલ્યા નહી ને મૌનપણેરહ્યા, તે વારે કચ્છ અને મહા કચ્છને પૂછ્યું તેણે પણ કહ્યું કે અમે પણ કાંઇ જાણતા નથી તે વારે સર્વે વિચાર કરવા લાગ્યા કે આપણે પ્રથમથીજ ભગવાનને કાંઇ પુછ્યું નહી અને હવે પાછા ઘેર જઇને બેસવું પણ યોગ્ય નથી તેમ આહાર કર્યા વિના પણ રહ્યું જાય નહી તો હવે આપણને એ વનવાસમાંજ રહેવું ભલું છે એમ ચિંતવીને ગંગા નદીના દક્ષણ તટના વન જટીલ તાપસ થઇને રહ્યા, અને વૃક્ષમાંથી નિચે તુટી પડેલાં પત્ર, ફળ ફૂલ આદિકનો આહાર કરવા લાગ્યા.

હવે જે વારે પ્રભુએ દીક્ષા લીધી હતી તે વારે સર્વે પુત્રોને જુદા જુદા દેશોનાં રાજ વહેંચી આપ્યાં હતાં, તે અવસરમાં કચ્છ

અને મહાકચ્છના પુત્ર એક નમિ અને બીજો વિનમિ, એ બેઉને ભગવાને પુત્રની પેરે પાળ્યા હતા તે બન્ને જણ તે વખતે ક્યાંયેક દેશાંતરે જતા રહ્યા હતા પણ હાજર હતા નહી તે જે વારે પાછા ફરી આવ્યા તે વારે તેણે ભરતને આવી કહ્યું કે અમને રાજ્ય કેમ ન આપ્યું? ભરતે કહ્યું કે હું તમને થોડોક ભાગ આપું. તેણે કહ્યું કે તારા પાસેથી ન લઇએ તે વારે ભરતે કહ્યું કે ભગવાન જાણે ને તમો જાણો તે વારે બેઉ ભાઇ ભરતની અવગણના કરીને ભગવાનની પાસે આવી તેમના ચરણકમળની શેવા કરીને કહેવા લાગ્યા કે હે પ્રભુ તમે સર્વને રાજ્ય દીધું માટે અમોને રાજ્ય આપો. ભગવાને તો સંસાર ત્યાગ કર્યો છે માટે મૌનપણે રહ્યા, કાંઇ ઉત્તર દીધો નહી. તે વારે તે બન્ને જણ રાજ્યને અર્થે ભગવાનની પાછળ રહ્યા. જીહાં ભગવાન ઉભા રહે તિહાં જગા સાફ કરે, કાંટા કાંકરો કહાડી નાંખે, પાણી છંટકાવે, ફૂલ બીછાવે, ડાંસ મત્સરાદિક ઉડાડે, ત્રિકાળ ખડગ ધરે. એમ પ્રભુની સેવા ભક્તિ કરતા થકા વિચરે છે. એકદા ધરણેંદ્ર ભગવાનને વાંદવા આવ્યો તેણે નમિ વિનમિને કહ્યું કે ભગવાન તો ત્યાગી છે. માટે તમે ભરતની પાસે જાઓ તે તમોને રાજ્ય આપશે. તે વારે તે બોલ્યા, ભગવાન વિના અમે બીજા કોઇ પાસેથી રાજ્ય માગીએ નહી. એવું સાંભળી ધરણેંદ્ર તેમની ભક્તિથી સંતુષ્ટ થઇને કહેવા લાગ્યો કેઃ—

તમે એક મના થઇને પ્રભુની સેવા કરો છો તો મહોટાના ચરણની સેવા કેવારે પણ નિષ્ફળ થાય નહી તેથી હું તમારા ઉપર નિવાજ્યો છું માટે જે માગો તે હું આપું. તોપણ તેણે કાંઇ માગ્યું નહી. તે વારે ધરણેંદ્ર ભગવંતના શરિર અદષ્ટિ અદષ્ટિ એટલે ભગવાનના મુખે અવતરીને અડતાળીસ હજાર વિદ્યાઓ પાઠ ગુણતાંજ સિદ્ધ થઇ જાય એવી શીખવી. અને ગૌરી, ગંધારી, રોહણી તથા

પ્રજ્ઞપ્તી પ્રમુખ સોળ દેવીઓ તે વિદ્યાઓની અધિષ્ટાતાઓ છે તે આપી અને વૈતાઢ્ય પર્વતની દક્ષણ ઉત્તર શ્રેણીનું રાજ્ય આપ્યું. વિદ્યાઓ સાધી બંને ભાઇયો વિદ્યાધરની રૂદ્ધિ પામ્યા ત્યારે પોતાને સર્વ સ્વજન વર્ગ લેઇને રથનુપુર ચક્રવાલાદિ પચાસ નગર ઉત્તર શ્રેણીનાં તથા ગગનવલ્લભ પ્રમુખ સાઠ નગર દક્ષણ શ્રેણીનાં વસાવીને વિદ્યાના બળથી સર્વ પરિવાર સહિત તિહાં રહેતા હવા. પછી તે બે ભાઇને ધરણેંદ્રે કહ્યું કે હે વિદ્યાધરો તમે સાંભળો જે એકતો કેવળી ભગવાનની, બીજી જિનપ્રતિમાની, અને ત્રીજી ચરમશરીરિની અને ચોથી પ્રતિમાધર સાધુની, એ ચારની જો તમે આશાતના કરશો અને વળી એનું ઉલ્લંઘન કરશો એટલે એ ચારને રસ્તામાં મુકી તેના દર્શન શેવા કર્યા વિના એમજ ચાલ્યા જાસ્યો. તથા પરસ્ત્રીની સાથે ભોગ ભોગવશો તો તમારી વિદ્યાઓ નિષ્ફળ થઇ જશે એવી રીતે શીખામણ આપીને રત્નભિંત ઉપર લખીને ધરણેંદ્ર પોતાને સ્થાનકે ગયો.

પછી ભગવાનની શેવાનું ફળ ભરતને કહીને શોળ જાતિ વિદ્યાધરોની સ્થાપી, દક્ષણ શ્રેણીનું રાજ્ય નમિ કરવા લાગ્યો. અને ઉત્તર શ્રેણીનું રાજ્ય વિનમિ કરવા લાગ્યો.

હવે ભગવાન પૂર્વ કૃત્ય અંતરાય કર્મના ઉદય થકી એક વર્ષ પર્યંત આહાર વિના રહ્યા. ક્યાંય શુદ્ધ ભિક્ષા ન પામતા હવા. જિહાં ગોચરીયે જાય તિહાં મહોટા માણુસ જોઇને કોઇ વસ્ત્ર આપે, કોઇ આભરણ આપે, કોઇ મણી માણીક અને મુક્તા ફળના થાળ ભરી આપે, કોઇકતો ઘણી સ્વરૂપવાન્ એવી કન્યાને શોળ શણગારે શણગારીને આપવા તૈયાર થયા, કોઇકતો હાથી, ઘોડા, રથ ઇત્યાદિક વાહન આપવા આવે, કોઇએક ધન, ભૂત, સુવર્ણ સ્થાલ પ્રમુખ ઉચિત વસ્તુ આપવા આવે એમ ઘણા ઘણા પદાર્થ લાવીને લોકો સ્વામીની

આગળ ધરે તે સર્વ અણુ ખપતા જાણી સ્વામી લીયે નહી પણ અન્ન કોઇ આપવા આવે નહી. એવી રીતે એક વર્ષ પર્યંત ભગવાન્ નિરાઆહારી રહ્યા. પણ આહાર વિના લગાર માત્ર ડગ્યા નહી. દીનપણું આવ્યું નહીં. એવી રીતે ભગવાન્ વિચરતા થકા એકદા ગજપુર નગરે પધાર્યા. તિહાં બાહુબળીનો પુત્ર સોમપ્રભ નામે રાજા રાજ્ય કરે છે તેનો પુત્ર શ્રેયાંસ કુમાર યુવરાજ છે તેણે તે રાત્રીયે સ્વપ્ન દીઠું હતું જે મેરૂ પર્વત મલિન થઈ ગયો હતો તેને મેં અમૃતના ઘડાથી ધોઇને ઉજવળ શોભાયમાન કીધો. તથા શ્રેયાંસના પિતા શોમપ્રભ રાજાને એવું સ્વપ્ન આવ્યું જે કોઈ એક પુરૂષને શત્રુએ ઘેરી લીધો તે શ્રેયાંસ કુમારના સહાય થકી જય પામી છુટો થયો. તથા તે નગરના સુબુદ્ધિ શેઠને એવું સ્પપ્ન આવ્યું જે સૂર્યનાં સહસ્ર કીરણો પડતાં હતાં તેને શ્રેયાંસ કુમારે પાછાં સૂર્યમાં થાપ્યા. એ ત્રણે જણ પ્રભાતે રાજ્યસભામાં ભેળા થયા, તિહાં સૌએ પોતપોતાને થએલા સુપ્નાની વાત કહી તે વારે સર્વના મનમાં એવો વિચાર આવ્યો કે આ સુપ્નાનું સર્વ ફળ શ્રેયાંસકુમારને થાશે, અને શ્રેયાંસને કોઇ મહોટો લાભ થશે. એમ કહી સૌ પોતપોતાને ઘેર ગયા. પછી મધ્યાન સમયે ગોચરી કરવાને માટે ઋષભદેવજી ઘર ઘરને વિશે ફરવા લાગ્યા તેને લોકો પૂર્વોક્ત રિતે વસ્ત્ર ભરણાદિક વસ્તુ આપવા લાગ્યા. પણ પ્રભુ લેતા નથી તેથી લોકોમાં કોલાહલ થઇ રહ્યોછે. જે ભગવાન તો કાંઇ પણ લેતા નથી એટલામાં શ્રેયાંસકુમાર ગોખમાં બેઠા હતા તેણે શ્રી ઋષભદેવજીને દીઠા, પછી હીયાપો કરતાં જાતી સ્મરણ જ્ઞાન પામ્યા તેણે કરી પૂર્વલો ભવ દીઠો તે વારે જાણ્યું જે અહો! હું તો એ પ્રભુનો પૂર્વ ભવને વિષે સારથી હતો, તિહાં મેં પણ દીક્ષા લીધી હતી, તિહાં વજ્રસેન તીર્થંકરે એવું કહ્યું હતું જે એ વજ્રનાભ રાજર્ષિ ભરતક્ષેત્રમાં પહેલા તીર્થંકર થાશે. તેજ એ પ્રભુ તીર્થંકર, દેવોના દેવ,

ગોચરીયે ભમતા દેખાય છે એમ જાણી ગોખ થકી હેઠા ઉતરીને કહ્યું કે હે પ્રભુ લોકો સાધુને દાન દેવાની રીતીમાં વાકેફ નથી એમ કહી પાંચ અભિગમન સાચવી ત્રણ પ્રદક્ષણા દેઇ "ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસિહિઆએ મથ્થએણ વંદામિ" એમ ખમાસમણો દેઇ પછી "ઇચ્છાકારિ સુહરાઇ સુહદેવસિ સુખ તપ શરિર નિરાબાધ સુખસંજમ જાત્રા નિર્વહોછો જી" હે ભગવાન્ ભાત પાણીનો લાભ દેવા પધારો, મ્હારૂં ગૃહાગણ પાવન કરો, શુદ્ધ બેતાળીસ દોષ રહિત આહાર વહોરીને મ્હારો નિસ્તાર કરો. એમ ઇહાં શ્રેયાંસકુમાર પહેલા શ્રાવક પ્રગટ થયા, તે સમયે શેલડીના રસના રસે ભરેલા એકસોને આઠ ઘડા શ્રેયાંસકુમારને કોઇક ભેટ આપી ગએલોછે, તે શુદ્ધમાન ઘડા લઇને શ્રેયાંસકુમારે ભગવંતને ભિક્ષા લેવાની વીનંતી કરી.

ઇહાં કવી ઘટના કરેછે કે દાન લેતી વખતે પ્રભુના બેઉ હાથનો માંહોમાંહે વિવાદ થયો તે એવી રીતે કે પ્રથમ જમણો હાથ ગદ્દગદ સ્વરે કરીને શ્રેયાંસકુમાર પ્રત્યે કહે તો હવો કે અહો શ્રેયાંસ તું સાંભળ, હું શ્રી ઋષભદેવનો આ જન્મનો સેવક છું, મેં શ્રીઋષભદેવજીના પ્રસાદે કરીને ઘણાં મ્હોટાં મ્હોટાં ઉત્તમ કામ કર્યા છે, તેણે કરી હું ઘણો પ્રતિષ્ટા પામેલો છું. તે મ્હારાં કર્તવ્યનું તું નિરપેક્ષપણે સાંભળ. પ્રથમતો મેં ઇંદ્રાદિક દેવોને દેખતા થકા જમણે અંગુઠે કરીને પ્રભુને અમૃતપાન કરાવ્યું એટલે તીર્થંકરની એવી રીતીજ છે કે પોતાની માતાનું તથા અન્ય સ્રીયોનું સ્તનપાન ન કરે પણ જે વારે ભૂખ લાગે તે વારે પોતાના જમણા હાથનો અંગુઠો ચુસવા માંડે કે તરતજ તેમાં અમૃતમયી પુદ્દગલ પ્રણમી જાય તેથી ક્ષુધાવેદની ઉપસમી જાય વળી વંશ સ્થાપનના અવસરે મેં ઇંદ્રના હાથથી સેલડીનો સાંઠો ગ્રહણ કરીને સ્વામીની વાંછા પૂર્ણ કરી, [illegible]

વંશ સ્થાપવામાં પણ હું આગેવાન થયો. વળી ભરતનીપરેજ મેં બાહુબળીને તિક્ષશિલા નગરીનું રાજ્ય આપ્યું. તથા શેષ અઠાણું પુત્રને પણ એજ રીતે મેં રાજ્ય આપ્યું તથા સુનંદા તથા સુમંગળા, એ બે કન્યાઓને પણ હાથ મેળાવવાને અવસરે જમણે હાથે ઝાલીને સ્વામીને પરણાવી દીધી. વળી મેં એક વર્ષ પર્યંત સ્વઇચ્છીત વર્ષીદાન આપીને ત્રણ જગતના મનોવાંછીત પૂરણ કર્યા કેમકે દાન પણ જમણા હાથેજ દેવાયછે. વળી હું છત્ર, ચામર, ગદા, ખડ્ગ ધનુષ્ય, અંકુશ, વજ્ર, અને શંખાદિક શુભ લક્ષણે કરી વીરાજમાન થકો શોભી રહ્યો છું એવાં સર્વ લક્ષણ હું (જમણો હાથ) ધારણ કરૂં છું અને લક્ષણ જોવાવાળા લોકપણ મહારીજ રેખાઓ આદિક સર્વ લક્ષણને જુએછે. વળી તીર્થયાત્રા, પુત્ર પ્રાપ્તી, સૌભાગ્ય, યશકિર્તિની સુચક રેખાઓધારક પણ હુંજ છું એટલે એ સર્વ ભાવોને સૂચવવાવાળી રેખાઓ જો જમણા હાથમાં હોય તોજ તદ્રુપ ફળની પ્રાપ્તી થાયછે. વળી દાનને વિષે, ભોજનને વિષે, બોલવા તથા કબુલાત આપવાને વિષે, ઇત્યાદિક શુભ શુભ કાર્યમાં મારોજ અધિકાર છે. એવી રીતે મહોટા મહોટા કામોમાં હું છું તો કહો આ સ્વલ્પ શેલડીના તુચ્છ રસની હેટલ કેવી રીતે થાઉં, વળી મેં ત્યાસીલાખ પૂર્વ લગે ભગવાનની સાથે સામ્રાજ્ય પાળ્યું તો હવે હું ભગવાનના આગળ થઇને કેવી રીતે યાચના કરાવું, તેજ કારણથી મેં ખાવું, પીવું, ઓઢવું, પહેરવું ઇત્યાદિક ક્રીડા વિના મૌન ધરાવીને વનગહન અટવીઓમાં પ્રભુને ભમાવ્યા, તો હવે સેલડીના રસને હું ગ્રહણ ન કરૂં માટે તમે ડાબા હાથને કહો તો તે માગી લેશે. એવાં જમણા હાથનાં વચન સાંભળીને ડાબો હાથ બોલ્યો કે:—

હે નિર્લજ તું વ્યથા પોતાની મેળે પોતાના આત્માની મહોટાઇ કરીને શું પ્રશંસા કરેછે? પોતાના મુખથી જે પોતાની મહોટાઇ કરે

તેમાં કોઈ ગુણ હોય તોપણ તે લઘુતાને પામી જાય અને પરની પ્રશંસા કરવાથી જો નિર્ગુણી હોય તો પણ ગુણવાન્ થાય. ગુણવંત ાય તેના ગુણ તો પોતાની મેળેજ પ્રગટ થાય, જેમ કપુરનો સુગંધ, રત્નનું તેજ અને મણીનુ નિર્વિષપણું ઇત્યાદિક જે ગુણોછે તે પોતાની મેળેજ પ્રગટ દેખાઇ આવેછે પણ તે કોઇ કોઇની આગળ કહેવા જતા નથી. વળી એકઠાજ રહેનારા બે જણ હોય તેમાંથી એકજણ ઉઠીને પોતાના ગુણ બીજાની આગળ વર્ણવી દેખાડે તે યુક્ત નથી જેમ માતાના મુખ આગળ મામાનું વર્ણન કરી દેખાડવું યુક્ત કહેવાય નહી તેની પેઠે એ પણ જાણી લેવું. માટે અહો શ્રેયાંસ! મારૂં પણ કર્તવ્ય જે છે તે તું સાંભળ.

પરમેશ્વરે જે બે કન્યાને પરણવાનુ સ્વીકાર્યું તેમને સુવા બેસવાનું ઠેકાણું તો મેંજ આપ્યું કારણ કે સ્ત્રીઓ જે છે તે પતિના ડાબા પાસા તરફ સુવે બેસે છે. એટલે જમણે હાથે તો માત્ર સ્ત્રીનો હાથ ઝાલીને ઉઠાડી મૂકી પણ તેમને બેસવા માટે સ્થાનક તો મેંજ આપ્યું, વળી હું ઢાલ આગળ રાખીને સંગ્રામને વિશે સ્વામીનું રક્ષણ કરૂંછું અને જમણો હાથ તો ખડ્ગ ઉપાડીને પાછો નાશી જાયછે. વળી હું સંગ્રામમાં ધનુષ્યને આગળ ધારણ કરીને ઉભો રહુંછું અને આ જમણો હાથ તો તીર લઇને કાનને વિષે ચુગલની પેરે પેસેછે. વળી આંક ગણવાનો વ્યાપાર પણ મ્હારી પાસે થાયછે, એટલે આંકની વામગતિ હોયછે. વળી ગ્રામાંતરે પ્રયાણ કરતાં ગધેડો પણ જો મારી દીશા તરફ આવીને બોલે તો સિદ્ધદાયક છે. તેમજ દેવચકલી પણ ડાબે પાસે આવી બોલે તે વારે શુભ ફળની સુચવનારી થાયછે. વળી પ્રથમ પ્રયાણને વિષે પ્રથમ રાત્રીના પહોરમાં સીયાળીઆં પણ મ્હારી દીશાએ રહ્યાથકાં બોલે તો સિદ્ધિનાં કરવાવાળાં થાય. વળી મ્હારી તરફની ચંદ્રનાડી વહેતાં જે શુભ કામનો આરંભ કર્યો હોય તે સિદ્ધિ દાયક થાય. વળી હે શ્રેયાંસ તું સાંભળ કે આ પાપી જમણો હાથે

પ્રભુને પરણાવવાને અવસરે કન્યાઓનો હાથ ગ્રહણ કર્યા તેવારે પણ મને બોલાવ્યો નહીં, કંસારપણ એણે એકલાએજ ખાધો પણ એમ ન જાણ્યું જે આ મારો ભાઇ ભૂખ્યોછે માટે થોડોક એને પણ બોલાવીને ખવાડું, એવો વિચાર કર્યા વિના મહારાથી કપટ કરીને એ એકલોજ ખાઇ ગયો તેથી એ નિઃકેવળ પેટભરો દેખાય છે, ફોગટ પોતાના મુખથી ગુણનું વર્ણન કરેછે. વળી હે શ્રેયાંસ તું સાંભળ બીજી પણ એની નિષ્ઠુરતા કહી દેખાડુંછું કે જે વખત મીષ્ટપાન ભોજન કરે તેવારે ભોજન તો પોતે કરે અને મક્ષિકાઓ મારી પાસે ઉડાડાવે તો પણ હું તે વખત મહારી દાક્ષિણતાથી મહારો મહો ભાઇ જાણીને એને કંઈ કહું નહી. વળી એ જમણા હાથમાં ચતુરાઇ કિંવા બીજો કોઇ ગુણ પણ કાંઇ નથી કારણ કે જે વખતે મસ્તકે પાઘડી વીંટે છે તે વખત એતો જેમ તેમ વીંટી નાંખેછે. પણ પાછળથી બરોબર આંટા પ્રમુખ સુધારવા કરવાનું કામ, બરાબર રચના કરવી, સુંદર આકાર કરવો તે તો સર્વ હુંજ કરૂંછું, વળી આ જમણો હાથ જે છે તે જૂવટાનો રમવાવાળો છે, ઇત્યાદિક.

હે શ્રેયાંશ હું કેટલું તમોને કહું. અમારા બે જણના સારાં માઠાં લક્ષણ તથા ગુણ અને અવગુણને સર્વત્ર જાણે છે અથવા આ શ્રી ઋષભદેવસ્વામી પોતેજ ત્રણ લોકના નાથ છે માટે સર્વે જાણે છે. એવી રીતે અમો બેહુ જણને વિવાદ કરતા થકા એક વર્ષ વિતિત થઇ ગયું. તેથી ભગવાન વર્ષી તપના કરનાર થયા એમ કુટુંબનો વિરોધ કેવારે પણ કલ્યાણકારી ન થાય તે માટે હે શ્રેયાંસ એ ઘણોજ હઠીલો છે તથાપી હું તારી દાક્ષિણતાથી એને સમજાવું છું, કેમકે કોઇ પ્રકારે જે વારે કુટુંબમાં વિરોધ ઉત્પન્ન થાય છે તે વારે સંબંધીને સંબંધીયોજ પોતપોતામાં પ્રતિબોધ આપી સમજાવે છે, એમ કહી ડાબો હાથ જમણા હાથને કહેવા લાગ્યો કે હે ભાઈ આ અવસરે આપણને વિવાદ કરવો ઘટતો નથી. હમણાં સ્વામીને કેવળજ્ઞાનની

ઉત્પત્તિને વિષે તથા તિર્થ પ્રવર્ત્તનને વિષે અને સંઘ સ્થાપનાને વિષે તમારૂં જ કામ છે, એમાં બીજા કોઇનું કામ નથી. મ્હોટાઓને પોતાનું કામ તે પારકે અર્થેજ થાય છે. જેમ માતાએ પીધેલું દુધ તે બાળકને અર્થેજ થાયછે, તે કારણે આ વખતે આપણને વિરોધ કરવા યોગ્ય નથી. એવી રીતે ડાબો હાથ બોલતી રહ્યો તે વારે શ્રેયાં સકુમાર બેઉ હાથને સમજાવવા લાગ્યો. જે અરે ડાબા જમણા હાથો તમોને બંને જણ પોતપોતાના કામમા કલ્યાણકારીછો; પરંતુ હમણાં તમે મારી પ્રાર્થના સફળ કરો અને તે એવી છે કે—

તમે બેઉ એકઠા થાઓ કે જેથી ભગવાનને બાર માસના તપનું પારણું થાય અને મ્હારે પણ ઉત્તમ દાન આપવાથી સંસાર સમુદ્ર થકી તરવું થાય, માટે તમે ભલા થઇ મ્હારા ઉપર કૃપા કરીને બેઉ જણ ઝઘડો મટાવીને ભેળા થઇ જાઓ.

એવી શ્રેયાંસની વિનંતી સાંભળીને બન્ને હાથ પસલીને આકારે એકઠા મળી ગયા તે વારે શ્રેયાસકુમારે શુદ્ધભાવે કરીને સેલડીનો રશ વહેરાવી દીધો. તેની શીખા ઉંચી ચઢી તથાપી એક બીંદુ માત્ર પણ નીચે પડયો નહીં. જો હજારો ઘડા હાથમાં ઉંધા વાળી આપો અથવા સર્વ સમુદ્રોના પાણી નાંખો તો પણ એક ટીપુ હાથથી બહાર પડી જાય નહીં, માત્ર શીખા ઉંચી ચઢતી આવે એવી લબ્ધી જે વારે પ્રાપ્ત થએલી હોય તે વારે કરપાત્રી થાય

## युक्तम्--माइघघडशहस्सा अहवामाइचसागरासवे।
## जस्सेआरिस्सलद्धि सोपाणीपम्ग्गहाहोइ॥

એ ભગવાનની લબ્ધીનો ભાવ જાણવો. પછી સ્વામીએ તિહાંજ પારણું કર્યુ તે વખત પાંચ દિવ્ય પ્રગટ થયા. એક તો ગંધોદક ફુલની વૃષ્ટી થઇ, બીજુ વસુધારાની વૃષ્ટી થઇ, ત્રીજુ વસ્ત્રની વૃષ્ટી થઇ, ચોથું આકાશે દેવદુંદભી વાગી, પાંચમું અહોદાન અહોદાન

એવી ઉદ્દઘોષણા દેવાએ કરી, આ પાત્રદાનથી શ્રેયાંસકુમારે મોક્ષફ-ળ ઉપાર્જ્જન કર્યું. જીહાં ભગવાને પારણું કર્યું તિહાં રત્નમય પાટ કરાવ્યું, એ ભગવાનના પારણાનો દિવસ વૈશાખ સુદી ત્રીજનો હતો, તેથી અક્ષયત્રીજ એવે નામે તે પર્વ જગતમાં માન્ય થતો હવો. લોકોએ પ્રશંસા કરી કે શ્રી ઋષભદેવ સરખો પાત્ર અને સેલડીના રસ સરખો શુદ્ધ આહાર તથા શ્રેયાંશ કુમારના જેવો ભાવ એ કોઇ મહોટા પુન્યના યોગ વડે થાય છે,

यतः—रिसहेससमंपत्तं, निरवद्य इखुरससमंदाणं;
सियंससमोभावो, हविद्यजइमग्गि अंहुजजा॥

શ્રી આદિનાથનું પારણું શેલડીના રસનું થયું અને બીજા તિ-ર્થંકરોનું પ્રથમ પારણું ખીર ભોજનોનું થયું. હવે તે વખત શ્રેયાંસકુ-મારને લોકોએ પુછ્યું જે અમે તો ભગવાન આહાર લેશે એવું જાણતા નહોતા, અને તમે શી રીતે જાણ્યું જે ભગવાન આહાર લેશે? તેવારે શ્રેયાંસકુમાર બોલ્યા કે હું ભગવાનના જીવની સાથે આઠ ભવ પર્યંત રહેલો છું તેથી દાન દેવાનો વિધિ સર્વ જાણું છું. તે વારે લોકોએ પુછ્યું કે તે આઠ ભવ કેવી રીતે છે, તે કહો. તે વારે શ્રે-યાંસકુમારે કહ્યું કે;—

પહેલા ભવમાં ભગવાનનો જીવ લલિતાંગ દેવ હતો તિહાં હું એમની સ્વયંપ્રભા નામે દેવી હતી. બીજા ભવમાં સ્વામી વજ્રંઘ રાજા થયો હું તેમની શ્રીમતી રાણી થઈ. ત્રીજા ભવમાં અમે બેઉ યુગળીયા થયા, ચોથા ભવમાં બેઉ જણ સૌધર્મ દેવલોકમાં જઇ મિત્રપણે દેવતા થયા, પાંચમા ભવમાં પ્રભુ વૈદ્યપુત્ર જીવાનંદ નામે થયા અને હું એમનો મિત્ર થયો. છઠા ભવમાં અચ્યુત દેવલોકે જઇ બેઉ જણ

દેવતામાં મિત્રપણે ઉપન્યા. સાતમા ભવમાં પ્રભુ તો વજ્રનાભ નામે ચક્રવર્તિ થયા તિહાં હું તેમનો સારથી થયો હતો, તિહાં તિર્થંકરની પાસેથી અમેં બેહુએ દીક્ષા લીધી. આઠમા ભવમાં સર્વાર્થસિદ્ધ વિમાને દેવતાપણે થયા. તિહાંથી ચવી એ ભગવાન થયા અને હું એમનો પોતરો શ્રેયાંસ થયોછું. તે વાત આટલા દિવસ પર્યંત હું કાંઇ જાણતો નહોતો; પરંતુ આજે મેં ભગવાનને દીઠા તેથી મુને જાતી સ્મરણજ્ઞાન ઉપન્યું તેથી મેં જે સાતમા ભવમાં દીક્ષા પાળી હતી તેની સર્વ રીત મને જાણવામાં આવી તે વારે મેં સાધુની મર્યાદાએ આહાર વહોરાવ્યો. એ મહોટા પુરૂષ છે એમને કાંઇ ધનાદિકની ગરજ નથી એ વાત સાંભળીને સર્વ લોકોએ સાધુને આહાર આપવાનો વિધિ જાણી લીધો.

હવે ભગવાનને એક વર્ષ પર્યંત ભુખ્યા રહેવું પડયું અને આહાર મળ્યો નહી એ ક્યા અંતરાય કર્મના ઉદયથી થયું તે કહેછે;—ભગવાન પૂર્વે કોઇક ભવમાં શેઠનો જીવ હતા તે શેઠ એક દિવસ કરસણીયોની પાસે ઉઘરાણી કરવા ગયા તિહાં કરસણીયોએ ખળું કર્યું હતું તેમાંથી ધાન કહાડવા સારૂ તે કરસણી પોતાના બળદોને ધાનમાં ફેરવે છે તે બળદ ફરતા ફરતા જે વખત નીચે નમીને ધાનમાં મહોડું ઘાલે તે વારે કરસણી બળદોને મહોડાની ઉપર ચાબકા મારે તે જોઇ શેઠને દયા આવી તેથી શેઠે કણબીને કહ્યું કે અરે એને તું ફોગટ શા વાસ્તે મારેછે ? એમના મહોડા ઉપર શીંકું બાંધી મુક તો ધાન ખાશે નહી. પછી બધા કરસણીયોએ તેમજ શીંકાં બાંધ્યાં તે શીંકાં બાર પહોર સુધી બાંધ્યાં રહ્યાં એ અંતરાયકર્મ ભગવાને બાંધ્યું હતું તે આ ભવમાં ઉદય આવ્યું. તથા કોઇક આચાર્ય કહે છે કે ભગવાને જે વારે મહાવીદેહક્ષેત્રમાં છ મિત્રની સાથે ચારિત્ર લીધું હતું તે

એમાં ઋષભદેવજીનો જીવ મહોટો હતો તે સહપરિવાર વિહાર કરતાં કરતાં કોઇ કણબીના વાડે જાયછે તેવામાં તે કણબી પણ ધાન કહાડવાને માટે બળદોને ફેરવેછે. હાલરૂ ખેડતાં વચમાં વચમાં તે બળદો નીચા થઈ થઇને ધાન ખાય તે વારે તે કણબી તેને પરોણે કરી માર મારે છે તે કરતાં જોઇ એ બળદોના મુખે શીકું બાંધી મૂકે તો કાંઇ પણ ધાન ખાઈ શકે નહી અને હીંડયાજ કરે એવી રીતે મુખથી તો બોલ્યા નહી પણ મનમાં ચિંતવ્યું હતું. પછી તે અણ આલોયું કર્મ આ ભવમાં ઉદય આવ્યું તેના પ્રભાવથી પ્રભુ એક વર્ષ સુધી આહાર પાણી પામ્યા નહી. એમ આ અવસર્પિણી કાળમાં શ્રેયાંસકુમારથી પહેલવહેલુંસુપાત્ર દાન પ્રવર્ત્યું.

यतः—मिथ्या दृष्टिसहस्त्रेभ्यो, वरयेको जिनाश्रयी ॥
जिनाश्रयिसहस्त्रेभ्यो, वरमेको ह्यणुव्रती ॥१॥
अणुव्रतिसहस्त्रेभ्यो, वरमेको महाव्रती ॥
महाव्रतिसहस्त्रेभ्यो, वरमेको जिनेश्वरः ॥२॥
जिनेश्वरसमं पात्रं, न भूतं न भविष्यति ॥
यतः—पात्रविशेषे ण, देयं दानं शुभात्मभिः ॥३॥

હવે ભગવાન વિહાર કરતા થકા બહુલી દેશમાં તિક્ષશિલા નગરીને ઉદ્યાને સંધ્યા સમયે કાઉસગ્ગે રહ્યા તિહાં વનપાલકે જઇને બાહુબળી રાજાને વધામણી દીધી તે વારે વનપાલકને દાન આપી સંતોષીને પછી મનમાં વિચાર્યું કે હમણાં સાંજ પડી અંધારૂં થવા

આવ્યુંછે તેથી થોડા વખતમાં સર્વ પરિવાર ભેળો થઇ શકે નહી. કેમકે ત્રણ લાખતો મહારા પુત્ર છે; વળી પૌત્રાદિક અનેકછે, તે સર્વ એકઠા થઇ શકે નહી; માટે પ્રભાતે મહા મહોત્સવ સહિત પ્રભુને વાંદવા જઇશું એમ ચિંતવી બેશી રહ્યો. પછી પ્રભાતે નગરી શણગારી ઘણા આડંબર સહિત પ્રભુને વાંદવા ગયો એટલામાં ભગવાન તો અપ્રતિબંધ વિહારીછે; માટે બાહુબળી આવ્યાની અગાઉ વિહાર કરી દુર દેશે ચાલ્યા ગયા તેથી બાહુબળીયે ભગવાનને દીઠા નહી; માટે ઘણો ખેદ કરવા લાગ્યા. કાનમાં આંગળીઓ નાંખીને ઉચ્ચસ્વરે રૂદન કર્યું અને પ્રભુના બે પગ પાસે ઉભો રહી બોલ્યો. હે બાબા આદમ એવી બાંગ મારી તિહાંથી બાંગ ચાલી. હમણા પણ તે સમુદાયવાળા કહેછે. પછી ભગવાનની ભક્તિ કરવાને અર્થે જિહાં પ્રભુ કાઉસગ્ગમાં ઉભા હતા તે સ્થાનકે ધર્મ ચક્ર એવે નામે આઠ યોજનના વિસ્તારવાળો એક યોજન ઊંચો, હજાર ખુણાનો હજાર પગથીયાંવાળો રત્નમય પીઠ બાંધ્યો, થૂભ કરાવ્યો, તેની ઉપર ભગવાનનાં પગલાં થાપ્યાં અને જાણ્યું જે એજ ભગવાનછે એવી બુદ્ધિથી નમસ્કાર કર્યો. બીજા લોકોએ પણ તેવોજ મહિમા કર્યો. પછી પણ તિહાં આવીને પરણાવાદિ વિધિ સાચવતો હતો તિહાંથી બાહુબળીકૃત પીઠનો મહિમા ચાલ્યો. એમ પ્રભુ પૃથ્વી તળે વિહાર કરે છે.

હવે જે દિવસથી ભગવાન દિક્ષા લઇને વિહાર કરી ગયા તે દિવસથી મરૂદેવી માતા ભરત મહારાજને ઉલંભા આપ્યા કરેછે અને કહેછે કે હે ભરત! જેમ કમળના ફૂલોની માળાને નાંખી આપીયે તેવી રીતે એ ઋષભો મુજને છોડીને ચાલ્યો ગયો અને એકાકી વનવાશી થયો છે, ભૂખ તૃષાયે પિડાતો હશે, ક્યાંએક મસાણ અથવા ગુફાઓમાં તપસ્યા કરતો હશે, ટાઢાડ, તાપ, સહન કરતો

હશે, વર્ષાકાળમાં ભીંજાતો હશે, ડાંસ મત્સર ડંક મારતા હશે, અરે હું પાપણી છું, જે પુત્રને આટલું દુઃખ થયું છે તે સાંભળું છું, તેમ છતાં મરતી કેમ નથી. માટે મહારા જેવી દુઃખણી ક્યાંય પણ કોઈ હશે નહી. અરે ભરત તું તો રાજ્યના સુખમાં લોભાણો છે, મહારા છોકરાની ખબર પણ કહાડતો નથી, તું તો સર્વ પ્રકારની સુંદર રસોઈયો કરીને ખાય છે અને મહારો પુત્ર તો ભિક્ષા માગી સુકા ટુકડા ખાયછે. તું તો સારાં મજેનાં ઘરેણાં ગાંઠાં પહેરેછે અને મહારો પુત્ર તો નગ્ન ફરેછે, તું તો સુખ સય્યાએ સુવેછે અને મહારો પુત્ર કઠણ કાંકરા કાંટાવાળી જમીન ઉપર સુઇ રહેછે. અરે જે મધુર ગીત ગાને કરી જાગતો હતો તે શ્રુગાલાદિકના દુષ્ટ સ્વરે જાગતો હશે. વળી તેની ભૂખ તૃષા અને શરીરની શુશ્રુષાની ખબર કોણ લેતો હશે. તથા અણુવાણે પગે ચાલતો હશે, ઇત્યાદિક અનેક ઉલંભા આપતી રહેછે પુત્રની ચિંતાથી મરૂદેવી માતાને આંખે પડળ આવી ગયાં તેમને ભરતરાજા સમજાવેછે કે માતાજી તુમે કાંઈ દુઃખ કરો નહી. તુમારો પુત્ર ઘણો સુખી છે. તેવારે ફરી માતા કહેકે, મને દેખાડ. ત્યારે ભરત કહે કે હવે થોડા દિવસોમાં અહીંયાં આવશે તે વારે હું તમોને દેખાડીશ, એમ મરૂદેવી માતા ભરતને ઓલંભા દેતાં થકાં રહ્યાંછે.

હવે ઋષભદેવજી અરિહંતે એક હજાર વર્ષ પર્યંત કાયાને વોસરાવી દીધી. શરીરની શુશ્રુષા ત્યાગી દીધી. એમને કાંઇ ઉપસ્વર્ગ થયા નહી, પરંતુ એક વર્ષ આહાર મળ્યો નહી એટલું કષ્ટ દીઠું તે કષ્ટને સહન કરતા થકા, આત્માને ભાવતા થકા, એક હજાર વર્ષ વિત્યાં ત્યારે શિયાળાનો ચોથો મહિનો, સાતમું પખવાડીયું. ફાલ્ગુન વદી અગિયારસને દિવશે પૂર્વાન્હ કાળના સમયને વિષે પુરીમતાલ નગરના શકટમુખનામા ઉદ્યાનમાં ન્યગ્રોધ વડવૃક્ષની નીચે, પાણીયે રહિત અ-

ઠમ તપ કીધે થકે, ઉત્તરાષાઢા નક્ષત્રે ચંદ્રમાનો યોગ આવે થકે, શુકલ ધ્યાનને વિચાલે વર્ત્તતા થકા, જેની સમાન બીજો કોઇ જગતમાં પદાર્થ નથી એવું અનોપમ અનંતું કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉપન્યું તેના યોગે યાવત્ સર્વ ભાવને જાણતા દેખતા થકા વિચરે.

હવે એવા અવસરમાં ભરત મહારાજની આયુદ્ધશાળામાં ચક્રરત્ન પણ પ્રગટ થયું. તે વારે ઋષભદેવના કેવળજ્ઞાનની અને આયુદ્ધશાળાએ ચક્રરત્ન ઉપન્યાની, એ બેઉ વધામણી ભરતજીને સાથે આવી તે બેઉ વધામણીયાને હર્ષદાન આપીને વિદાય કર્યા. પછી ભરતજી વિચારમાં પડયા કે એ બે વધામણી સાથે આવી એમાંથી કોનો મહોત્સવ પહેલો કરૂં એમ ક્ષણીકવાર વિચારીને નિશ્ચય કર્યો કે ચક્રરત્ન તો સંસારીક છે અને શ્રી તીર્થંકરનો કેવળ મહોત્સવ કરવો તે લોકોત્તર છે. વળી પિતાને પૂજ્યા તો સર્વને પૂજ્યા માટે પ્રથમ ઇહલોક પરલોકનો સુખદાઈ જે કેવળજ્ઞાન તેનો મહોત્સવ કરૂં. પછી ચક્રરત્નની પૂજા કરીશ. એમ નિરધારી શ્રીમરૂદેવી માતા પાસે આવી કહેવા લાગ્યા કે, હે માતાજી તમે મુજને ઉલંભા દેતાં હતાં તે તમારા પુત્ર આજે અહીંયાં પધાર્યા છે, માટે ચાલો મારી સાથે હું તમારા પુત્રનો મહિમા તમોને દેખાડું. એમ મરૂદેવી માતાને હાથી ઉપર બેસારીને પછી પોતે પણ બેશીને ઘણા આડંબર સહીત તિહાંથી ચાલ્યા, તે ચાલતાં ચાલતાં જે વારે સમોસરણને ઢુંકડા આવ્યા તે વારે માતાજી બોલ્યાં. હે ભરત ! આ દેવ સંબંધી વાજાં કિહાં વાજેછે? ભરતજીએ કહ્યું એ વાજાં તમારા પુત્રના આગળ વાજે છે, તો પણ માતાજીએ માન્યું નહી. વળી આગળ ચાલતાં ઘણા દેવ અને દેવીઓ સમવસરણની રચના કરવા અને કેવળજ્ઞાનનો મહોત્સવ કરવા આવ્યાછે તે પોતપોતામાં એકબીજાને હાંકો હાંક કરી

રહ્યાછે. તેવારે ભરત રાજા બોલ્યા કે, હે માતાજી આ તમારા પુત્રની પૂજા કરવાને માટે દેવ અને દેવીઓ આવે જાય છે તેમનો કોલાહલ થાયછે. તોપણ માતાએ માન્યું નહી. વળી આગળ ચાલતાં ભરત-મહારાજાએ કહ્યું કે; હે માતાજી! આ રૂપા, સોના અને રત્નમયી એવા ત્રણ ગઢવાળુ તમારા પુત્રનું ઘર તો જૂઓ! એની શોભાનું હું શું વર્ણન કરૂં! એનું વર્ણન તો ક્રોડોગમે બ્રહ્માઓ પણ કરી શકે નહી એ વાતને માતાજી સત્ય કરી માનતાં થકાં પોતાની આંખ્યોને હાથથી મસળવા લાગ્યા, તેથી પડલ દૂર થઈ ગયાં, તેવારે ખરેખરો સ-મોસરણ દીઠો. તિહાં અનેક દેવ દેવીઓને દેખી મનમાં વિચાર કર્યો કે, જુઓ તો ખરા આ મોહની વિકળતા કેવીછે! હું તો જાણતી હતી કે મારો પુત્ર દુઃખી છે, અને આતો ઘણોજ સુખમાં બેઠોછે. હું નો રડી રડીને આંધળી થઇ ગઇ આંખે પડલ વળી ગયાં, અને એણે તો મને સંભારી પણ નહી, મારી તો ઋષભ ઋષભ કરતાં જીભ પણ સુકાઈ ગઇ હતી વળી ભરતને ઉલ્લંભા દેતી હતી જે મારો પુત્ર, ભુખ, તૃષા, ટાઢ, તડકા તથા વર્ષાદ આદિકની પીડા ખમેછે; અને ઉપાનહ તથા વાહન રહિત એકો એકાકી ડુંગર, વન તથા અટવીઓમાં ભ્રમણ કરેછે તેને મનની લેહ આવ્યો; અને એતો મારા દુઃખને કાંઇ પણ જાણતો નથી. એમ વાર્તા પણ પુછતો નથી આંહી આવ્યો તોપણ મને સંદેસો મોકલ્યો નહી: માટે ધિક્કાર છે એ મોહને તો હવે મહારે પણ પુત્રની સાથે શું કામછે, હું કોણ અને આ પુત્ર તે વળી કોણ! જગતમાં કોઇ કોઇનું નથી. સર્વ કોઇ આપ-સ્વાર્થી છે. અરે મહારા પુત્રે મને એટલું પણ કહ્યું નહી જે હું સુખીયોછું. મહારી ચિંતા કરશો નહી, પરંતુ એ શા વાસ્તે એમ કહે! કેમકે એતો નીરાગી છે. એને કોઇની ઉપર રાગ રહ્યો નથી

અને હું તો સરાગી છું. તેથી મને તો એવા વિકલ્પ થાય એમાં કાંઇ સંશય નથી. તો હવે મારે પણ એ નિરાગી સાથે શો પ્રતિબંધ કરવો? એ પારકા સ્નેહને ધિક્કાર હો. ઇત્યાદિક ચિંતવના કરી સર્વ વસ્તુ ઉપર મમત્વ રહિત થઇ થકી મરૂદેવી માતાજી શુભ ધ્યાને અવ્યક્ત ભાવના ભાવતાં થકાં કેવળજ્ઞાન પામી તેજ વેળાએ અંતગડ કેવળી થઇને મોક્ષ પહોત્યાં. ત્હાં કવીસ્વર કહેછે—

એ યુગાદિ સરખો દેવ બીજો કોઇ વિશ્વમાં થયો નથી અને થાશે પણ નહી, કે જેણે પૃથ્વીને વિષે એક હજાર વર્ષ સુધી ભ્રમણ કરી કષ્ટ સહન કરીને ઉપારજ્યું એવું જે કેવળજ્ઞાનરૂપ રત્ન, તે પ્રધાનસ્નેહ થકી પ્રથમ પોતાની માતાને આપ્યું. તેમજ મરૂદેવી સમાન કોઇ માતા પણ થઇ નથી, અને થાશે પણ નહી. કેમકે જે પુત્રને પરણાવવાને અર્થે મુક્તિકન્યા જોવાને માટે આગળથી ત્યાં ગઇ કે કન્યા જોઇને મારા પુત્રને પરણાવું. એમ આ અવસર્પિણીમાં પહેલ વહેલાં શ્રી મરૂદેવી માતા મોક્ષ ગયાં. ઇંદ્રાદિકે તેમનાં શરિરનો સંસ્કાર કરી ખીર સમુદ્રમાં પરઠવ્યું, વળી ઇંદ્રના વચનથી શોક નિવર્તાવી વાવ્ય માંહે સ્નાન કરી ભરત મહારાજે હર્ષ શોકાકુળ થકાં જઇ ભગવંતને વાંદ્યા. ત્હાંથી પહેલવહેલું કેવળી નામ પ્રવર્ત્ત થયું.

હવે ભરત મહારાજ શ્રી ઋષભદેવ સ્વામીને નમસ્કાર કરીને પરખદામાં બેઠા, તે વારે ભગવાને ધર્મોપદેશ દીધો. તિહાં પહેલી દેશનામાં ઋષભસેન પ્રમુખ પાંચસો ભરતના પુત્ર તથા સાતસેં ભરત રાજાના પોતરા સર્વ મળી બારસો કુમારે દીક્ષા લીધી. એ બારસો કુમારોમાં મરિચિ પણ ભેગો જાણવો. તિહાં પુંડરીકાદિક ચોરાશી ગણધરોની સ્થાપના કરી તથા બ્રાહ્મીએ બાહુબળને પુછીને દિક્ષા લીધી. એ પ્રથમ સાધવી થઇ, અને ભરત મહારાજ શ્રાવક થયો તથા સું-

દરી દિક્ષા લેતી હતી તેને ઘણી રૂપવાળી જાણીને સ્ત્રીરત્ન સ્થાપવા સારૂં ભરતે દિક્ષા લેવાની આજ્ઞા આપી નહીં. તેવારે તે શ્રાવીકા થઇ. એમ સાધુ, સાધવી, શ્રાવક અને શ્રાવીકા એ ચતુર્વિધ સંઘને થાપીને ધર્મની પરૂપણા કરી એટલે તિર્થંકર નામ થયું. જે વૃક્ષની નીચે પ્રભુને કેવળજ્ઞાન ઉપજ્યું તેનું નામ પ્રાગવડ થયું તે વૃક્ષની લોકોમાં પૂજા ચાલી. હમણાં પણ પ્રાગવડ નામે કરી તે પૂજાય છે, તથા કચ્છ તથા મહાકચ્છ એ બેતો તાપસજ રહ્યા; માટે તે બે ટાળીને બીજા સર્વ ભદ્રક પરિણામના ધણી જે તાપસો થઈ ગયા હતા તેમણે આવી ફરીથી દિક્ષા લીધી, ભરતમહારાજ પણ વાંદીને પાછા અયોધ્યામાં આવ્યા, અને ભગવાને અનેક જીવ તારવાને માટે તિહાંથી અન્યત્ર વિહાર કર્યો.

હવે ભરતરાજાએ ઘેર આવી ચક્રરત્નનો અઠાઇ મહોત્સવ કર્યો. પછી છ ખંડ પૃથ્વી સાધવાને અર્થે ભરત મહારાજ સૈન્ય લેઇ ચાલ્યો. તેની આગળ હજાર હજાર દેવતાએ અધિષ્ટિત ચક્રરત્ન ચાલ્યું ને જેટલે દૂર ચક્રરત્ન જઈ રહે તેટલા યોજન સૈન્ય પણ ચાલે. અનુક્રમે ગંગાદેવીના ઘરને વિષે તેણે કહ્યું માટે રહ્યા. તિહાં નવી નવી ભાંતે નવા નવા વેશે ગંગાદેવીની સાથે વિષય સુખ ભોગવ્યા પછી ગંગાદેવીએ માર્ગ આપ્યો, તે વારે તમામ ગુફા ભાંગી મ્લેછોના દેશ સાધ્યા. એમ ખટ ખંડ સાધીને સાઠ હજાર વર્ષે ભરત પાછા અયોધ્યાયે આવ્યા. વળી નમિ વિદ્યાધરને ઘરે પુત્રી સ્ત્રીરત્ન નવું ઉપન્યું તે ભરતજી પરણ્યા છે અને સુંદરીએ પણ સાઠ હજાર વર્ષ સુધી આયંબીલતપ કર્યું તેથી પ્રબળ થઇ ગઇ. પછી ભરત જેવારે આવ્યા તેવારે સુંદરીયે ભરતને મોતીયે વધાવ્યા, સુંદરીને દુર્બળ દેખીને લોકો ઉપર ભરત ખીજ્યો અને કહેવા લાગ્યો તમે એની સાર સંભાળ

કાંઈ કરી નહી. તે વારે લોક બોલ્યા, તેણે આયંબીલ તપ કર્યું તેથી દુર્બળ થઇ છે. પછી ભરતજીએ તેને સંયમ લેવાની આજ્ઞા આપી સુંદરી પણ દિક્ષા લેઇને સાધવી થઈ.

હવે ભરતરાજા અયોધ્યામાં સુખ ભોગવવા લાગ્યો, એવામાં આયુદ્ધશાળાનો અધિષ્ટાઇક પુરૂષ આવી ભરતને કહેવા લાગ્યો કે સ્વામી ચક્ર આયુદ્ધશાળામાં આવતું નથી તેને ભરતે પૂછ્યું કે કેમ નથી આવતું ? તે વારે અધિકારીયે કહ્યું તમારા ભાઇયો તમારી આજ્ઞા માનતા નથી તેથી નથી આવતું. તે વારે ભરતે સર્વ ભાઇઓની ઉપર દૂત મોકલીને કહેવરાવ્યું કે જો તમો રાજ્ય કરવાની ચાહના રાખતા હો તો સર્વ ભાઇઓ મારી આજ્ઞા માનો, શેવા કરો, નહીતો રાજ્યનો ત્યાગ કરો, તે સાંભળી અઠાણું ભાઇયે વિચાર્યું જે આપણને રાજ્ય તો પિતાજીએ આપ્યું છે, તો ભરતની ચાકરી શા માટે કરીયે? એમ ચિંતવી ભગવાન પાસે ગયા તેને ભગવાને અંગારા કરવાવાળાનો દ્રષ્ટાંત આપ્યો, સૂયગડાંગ સૂત્રનુ બેતાલીશ અધ્યયન સંભળાવ્યું તેવારે પ્રતિબોધ પામીને સર્વ ભાઇએ દીક્ષા લીધી, ભગવાનના શીષ્ય થયા, એ વાત દૂતે આવીને ભરતને કહી તો પણ ચક્રરત્ન આયુદ્ધશાળામાં આવે નહિ તે વારે ભરતનો મુખ્ય મંત્રિશ્વર બોલ્યો. હે સ્વામી ? બીજા તો સર્વ આપની આજ્ઞા માને છે પણ બાહુબળી મહા અહંકારનો ધરનાર છે તે તમારી આજ્ઞા માનતો નથી, પોતાની ભુજાના બળનું પ્રાક્રમ ઘણું જાણે છે માટે એને મૂળથી ઉખાડી દેવો જોઇએ, એ મહોટો રોગછે તે તમોને વ્યાધી ઉત્પન્ન કરેછે. એવું સાંભળી ભરતરાજાએ સુવેગ નામે દૂતને સર્વ બાત સમજાવીને બાહુબળીની પાસે મોકલ્યો, તે દૂતને જતાંથકાં પુંઠે છીંક થઈ, વસ્ત્ર કાંટો વળગ્યો, રથની પીંજણી ભાગી, જમણો રાસભ બોલ્યો, ઇત્યાદીક અનેક

અપશુકન માર્ગમાં થાય તોપણ તે વન, અટવી અને પહાડ પ્રમુખ ઉલ્લંઘન કરીને બાહુબળીના દેશે પહોંચ્યો. તેને માર્ગની ધુળે ભર્યો દેખીને ગોવાલણીયો તથા પાણીહારીયોયે પુછ્યું કે તમે કોણ છો? કયાંથી આવ્યા અને કોણ તમારો માલેકછે? તેવારે દૂતે કહ્યું. ભરત રાજાનો દૂતછું. તે સાંભળી સ્ત્રીયો બોલી કે ભરત તે શું જે અમારા પહેરવાની કાંચળીયોમાં ભરત કાઢીયે છૈયે તે ભરત અથવા વાસણ માં ભરત કિંવા રોગ સંબંધી ભરત એ ત્રણ ભરત તો અમે જાણીયે છૈયે. પરંતુ એ ત્રણ વિના બીજો કોઇ ભરત રાજા છે એવું તો અમે સાંભળ્યું પણ નથી. તેવારે દૂત આશ્ચર્ય પામ્યો અને વિચારવા લાગ્યો કે આ બાહુબળીનું રાજ્ય બેપરવાઇ અને જબરજસ્ત છે. એમ વાતો સાંભળતો વિચારતો વિચારતો તિક્ષશિલા નગરીયે ગયો તિહાં દરવાજા ઉપર પોળીયે રોકી રાખ્યો. જે વારે બાહુબળીની આજ્ઞા આવી તેવારે ગામમાંહે પ્રવેશ કરી રાજ્ય સભામાં ગયો. તેને બાહુબળે આંખ્યોની સંજ્ઞા કરી આસન ઉપર બેસાડયો, અને પુછ્યું કે અરે દૂત ભરતને પોતાના સવાક્રોડ પુત્રાદિકો સહિત કુશળ છે? દૂત બોલ્યો હે રાજન્ લાખોગમે દેવતાઓ જેની ચાકરીમાં તત્પર રહેલા છે તેને કુશળ કેમ ન હોય તેને તો કુશળજ છે, પરંતુ આપ તેની ચાકરીમાં આવ્યા નહિ તેથી તે સર્વ વાત નિષ્ફળ ગણે છે. માટે તમે ભરત રાજાની પાસે પધારો, અને એટલા દિવસ નહિ આવ્યા તેનો અપરાધ ખમાવો, તે પણ તમારો મહોટો ભાઇછે, તે તમારા પિતાની જગ્યાએ છે, માટે તમારા ગુન્હા સર્વે માફ કરશે. વળી અનેક રાજાઓ તેની શેવા ચાકરી કરે છે અને તમોને તો વળી અવસ્ય પૂજવા યોગ્ય છેજ માટે ચાલો. એવાં દુતનાં વચન સાંભળી બાહુબળી તે વચનનો પરમાર્થ જાણી ગયો અને ભૃકુટી ચઢાવી, રાતાં લોચન કરી બોલવા લાગ્યો કેઃ—

અરે દુત તું મારવા યોગ્ય નથી માટે તુને મારતો નથી પણ ન્હાણુા અઠાણું ભાઇઓના રાજ્ય લેઇ લીધાં અને મહારૂં પણ રાજ્ય લેવા વાંછે છે તેથી ભાઈનો સ્નેહ તો જાણી લીધો હવે તું તેને કહેજે કે, બાળપણુમાં જેવારે આપણે બેહુ રમત કરતા હતા તેવારે હું તુજને દડાની પેઠે મારા હાથમાં ધરતો હતો તે દિવશ ભૂલી ગયો છે કે શું ? હું તો તેનો તેજ છું. જે માટે હમણાં ચાકરી કરવાનુ કહે છે તે શું તારા રાજાને કાંઇ વિચાર છે કે નથી. તે વારે દુત બોલ્યો.

હે રાજન્ જો બે દિવસ સુખે જીવવાની તમોને વાંછા હોય અને કુટુંબની સાથે પ્રયોજન હોય તો તમે એની સેવા ભક્તિ કરો, હું તમોને કહું છું. તે સાંભળી ક્રોધ કરીને બાહુબળે દૂતને ધક્કા મરાવી કહાડી મુક્યો. દૂત પણ પાછળના બારણાથી નિકળી પોતાનો જીવ લેઇ નાશી ગયો તે ચાલતો ચાલતો અયોધ્યાએ આવીને ભરતરાજાની આગળ બનાવી બનાવીને બમણી વાત કહી સંભળાવી. તેવારે ભરતે પણ રણભંભા વજડાવી ચતુરંગણી સૈન્યા લઇને પોતે ઋષભદેવજીની પૂજા કરી, વજ્ર સન્નાહ પહેરી, હસ્તિરત્ન ઉપર બેશી ચાલ્યો, તેની પછવાડે તેના સવાક્રોડ પુત્ર તથા પુત્રના પુત્ર જે પોતરા તે પણ ઘણા છે. વળી ચોરાશી લાખ હાથી, ચોરાશી લાખ અશ્વ (ઘોડા), ચોરાશી લાખ રથ, છનું ક્રોડ પાયદળ. સોળ લાખ રણતુર વજાડનાર, દશક્રોડ ધ્વજા, ચૌદ હજાર મહોટા મંત્રી, અરાઢ ક્રોડ મહોટા ઘોડા, પચીસ ક્રોડ દીવટીયા, ચોરાશી લાખ મહોટાં નિશાન, નવનિધાન, ચૌદ રત્ન, શોળ હજાર યક્ષ, બત્રીશ હજાર મુકુટબંધ રાજા, તથા વારાંગના સહિત બમણી કરીયે તે વારે ચોશઠ હજાર રાજ્ય કન્યાઓ, બત્રીશ હજાર નાટક, વળી બીજા પણ ઘણા વિદ્યા-

ધર, યક્ષ, કિંનરાદિક અનેક પ્રકારનો પરિવાર ચાલ્યો, ભરતે રત્નપટ્ટ મસ્તકે બંધાવીને શુષેણ નામા સેનાધિપતિને આગળ કર્યો. એવી રીતે સૈના સહિત અનુક્રમે બહુલી દેશની સીમાયે આવીને લસ્કરનો પડાવ દીધો.

હવે બાહુબળે પણ ભાઇ આવ્યો સાંભળીને શ્રીઋષભદેવજીની પૂજા કરી વજ્રનો સન્નાહ પહેરીને. સર્વ જગતને તણ સમાન માનતોથકો ભદ્રનામ: હસ્તી ઉપર બેશીને ભરતની સામો લડવા નીકળ્યો. તેની પછવાડે ત્રણ લાખ પુત્ર તથા પોતરા પણ ઘણા છે. તેમજ બાર હજાર રાજા તથા ઘણા વિદ્યાધરો, અનેક શુભટ, હાથી, ઘોડા, રથ, પાયદળ પ્રમુખ ચાલ્યા. વળી પોતાના પુત્ર સિંહરથને સૈન્યપતિ કરીને આગળ ચલાવ્યો તે પણ જઇ ભરતના સૈન્યને મળ્યો, તિંહાં બેઉ સૈન્ય એકઠાં મળવાથી ધરતી ધ્રુજવા લાગી, સમુદ્ર ચલાય માન થયો, પર્વતના ટુંક પડી ગયા, ભરતની સૈન્યામાં શોળ લાખ રણતૂર વાજતે તેમ બાહુબળીની સૈન્યામાં પણ લાખોગમે રણતૂર વાજતે બંદીજને બીરૂદાવળી બોલતે બેહુ તરફના સૈન્યનું માંહોમાંહે યુદ્ધ ચાલવા લાગ્યું.

તિહાં હાથીએ હાથી, ઘોડે ઘોડા, રથે રથ, વિદ્યાધરે વિદ્યાધર, પાળે પાળા, એમ ન્યાય યુદ્ધ થવા લાગ્યું, એટલામાં શુષેણ નામે સૈન્યાધિપતિએ પોતાની સનમુખ સિંહરથને આવતો દીઠો તે વારે શુષેણે કહ્યું હુંતો ભરતનો ચાકર છું, અને તું તો બાહુબળીનો પુત્ર છે તેથી તું મહારો સ્વામી છે માટે તું પહેલાં મારી ઉપર શસ્ત્ર ચલાવ. તે સાંભળી સિંહરથે તેના ઉપર શસ્ત્ર ચલાવ્યું તે વારે શુષેણ સેનાનીયે ખડ્ગ ચલાવ્યું, તેને માર્ગમાં સિંહરથના ભાઇ

સિંહકેતુએ તે ખડગને પાડી નાંખ્યું, તેથી શુષેણુને ઘણો ક્રોધ ચ-ઢયો. તે વારે તે શુષેણ બાહુબળની સૈન્યાને વિલોવીને બાહુબળની પાસે ગયો. એવામાં અનિલવેગ વિદ્યાધર આવી બાહુબળને નમસ્કાર કરીને સુષેણુની સનમુખ લડવા આવ્યો. તે બેઉ જણુ મલ્લની પેઠે ભીડયા અરસ્પરસ મુઠીગોનું યુદ્ધ કર્યું. લાઠી ( લાકડી ) મા-રવાનું યુદ્ધ કર્યું, તે વખત સુષેણુ ખડ્ગ લેઇને સિંહ રથને મારવા જાય છે એવામાં તો સુર્ય અસ્ત થયો. એમના સંગ્રામમાં એવી મર્યાદા છે જે કોઈ પણ ઋષભદેવજીની આણુ આપે તો લડવું નહિ, બીજી સૂર્ય અસ્ત થયો પછી લડવું નહિ, ત્રીજી મેઘ વરસતો હોય તે વારે લડવું નહિ, તે માટે જે સાંજ પડયાની અગાઉ મરી ગયા તેનો તો ઉપાય નહિ પરંતુ જે અર્દ્ધ મરેલા હોય તેમને કાંગણી રત્નનાં જળે કરી ભરત પોતાની સૈન્યાના માણસોને સાજા કરે અને બાહુબળી તો શોભયશના હૃદયના આભરણોના જળથી સાજા કરે, એવી મર્યાદા કરી છે. હવે ફરી બીજા દિવસની પ્રભાતે યુદ્ધ થવા માંડયું. તે વારે સુષેણુ સેનાની અનિલવેગને દેખીને અગ્નીની પેરે બળવા લાગ્યો અને અનિલવેગને મારવા આ-વ્યો. એટલામાં સિંહરથ વચમાં આવી આડો પડયો અને સુષેણુ-ની સાથે લડવા ઉભો રહ્યો તેવારે અનિલવેગ ભરત રાજાની સર્વ સૈન્યાને ઉલ્લંઘન કરી જીહાં હાથીઓના ત્રણુ કોટ બનાવીને ભરત રાજા સૂતો છે ત્યાં આવી હાથીઓને કાંકરાની પેડે ઉછાળી મહા-વિક્રાળ રૂપ કરીને સૈન્યનું મથન કરતો કરતો ભરતના પાસે આવ્યો

ભરતે જાણ્યું જે આ દુર્દ્ધર વિદ્યાધર છે તે મ્હારી સરત ચૂકાવી આપશે માટે એ ન હોય તો સારૂં એમ ચિંતવી તેના ઉપર ચક્ર મુક્યું તે ચક્રને દેખી અનિલવેગ નાઠો પરંતુ જ્યાં જાય ત્યાં ચક્ર પાછળનું પાછળ ચાલ્યું આવે, તેવારે અનિલવેગ વજ્ર પીંજર કરીને છ મહિના સુધી લવણ સમુદ્રમાં બેશી રહ્યો પણ ચક્ર માથે ભમતુંજ રહ્યું. છ મહિના પછી સમુદ્રમાંથી ગાબડી બહાર કહાડી ત્યારે ચક્રે તે ગાબડીને કાપી નાંખી. હવે સૂર્યયશ બાહુબળીનું કટક ઓળંઘીને બાહુબળી પાસે આવ્યો, અને કહેવા લાગ્યો કે। મને શસ્ત્ર મારો ત્યારે બાહુબળીએ હશીને કહ્યું કે અરે તું ઇક્ષ્વાકુ વંશમાં ભલો શૂરવીર છે પણ હું જો તને એક મુઠી માત્ર મારીશ તો પણ તું ચૂર્ણ થઇ જઇશ માટે જા, દૂર ઉભો રહે, પછી તેને દેવતાએ કહ્યું કે, અરે મૂર્ખા બાહુબળી સાથે તું શું લડવા આવ્યો છું. નાહકનો માર્યો જઇશ. માટે તું ચાલ્યો જા. તે વારે તે ચાલ્યો ગયો. એવી રીતે બાર વર્ષ પર્યંત યુદ્ધ ચાલ્યું, અને ક્રોડોગમે માણસો મરી ગયાં, લોહીની નદીયો વહેવા લાગી પણ કોઇ હાર્યો નહી. ત્યારે ઘણો અનર્થ થતો દેખી સૌધર્મેંદ્ર અને ચમરેંદ્ર, એ બે ઇંદ્ર ભરતની પાસે આવી કહેવા લાગ્યા કે ભગવાન તો લોકોનું પાલન પોષણ કરી ગયા અને તમે માણસોનો નાશ કરોછો એ શું? તે સાંભળી ભરતે કહ્યું:—

બાહુબળી મારી આજ્ઞા માનતો નથી ત્યાં સુધી ચક્ર આયુદ્ધ શાળામાં આવતું નથી તો હવે કહો હું શું કરૂં। તે સાંભળી ઇંદ્ર કહે તમો બે ભાઇયો પોતપોતામાં યુદ્ધ કરો પણ બીજા માણસોનો નાશ ન કરાવો, એ વાત ભરતે કબુલ કરી. પછી તે બેઉ ઇંદ્રે બાહુબળી પાસે આવી કહ્યું કે.—

આ પ્રમાણે યુદ્ધમાં લોકોનો નાશ થઇ જાય છે તે કરવો નહી અને તમે બેઉ ભાઇયોજ પોતપોતામાં યુદ્ધ કરો. બાહુબળીયે પણ તે વાત માન્ય કરી. પછી ઇંદ્રે પાંચ યુદ્ધ થાપ્યાં તે નીચે પ્રમાણે.

એક દ્દષ્ટી યુદ્ધ, બીજુ વાક્ય યુદ્ધ, ત્રીજુ બાહુ યુદ્ધ, ચોથુ મુષ્ટી યુદ્ધ, અને પાંચમુ દંડ યુદ્ધ કરવાનો ઠરાવ કર્યો અને બેઉ ઇંદ્રે બંન્ને લશ્કરોને શ્રી આદીનાથજીની દુવા આપીને દૂર કર્યા. પછી પાણી છંટકાવી, ફુલ બીછાવી, ભૂમિ શુદ્ધ કરીને મુકુટ, ટોપ, સન્નાહ પહેરી કરી બેઉ ભાઇ સામ સામા લડવાને આવ્યા. તે યુદ્ધને દેવતા આકાશમાં સાક્ષિધર રહ્યા થકા દેખે છે.

હવે પ્રથમ ભરત અને બાહુબળી બે ભાઇ આંખ્યો કહાડીને એક બીજાની સનમુખ દોડયા, આંખ મિટાવે નહિ, માંહોમાંહે એક બીજાને દેખતાજ રહે, મહા શૂરવીર છે તોપણ ક્ષણ માત્ર રહ્યા તેવારે જેમ સૂર્યની સામે દેખવાથી આંખમાં પાણી આવી જાય તેમ ભરતરાજાની આંખ્યોમાં પાણી આવી ગયું, તે જોઇ દેવતા ફુલોનો વરસાદ વરસાવીને બોલ્યા કે બાહુબળી જીત્યો અને ભરત હાર્યો. પછી ભરતે સિંહનાદ કર્યો તેથી પર્વત કંપાયમાન થયા. અને બાહુબળીએ હાક મારી તે વારે બ્રહ્માંડ ફુટવા જેવો શબ્દ થયો. તેથી ભરતે પોતાના કાન ઢાંકી લીધા તે જોઈ દેવતા બોલ્યા કે બાહુબળી જીત્યો અને ભરત હાર્યો. તે વાર પછે બાહુ યુદ્ધમાં પ્રથમ ભરત રાજાએ હાથ લાંબો કર્યો તેને બાહુબળીએ કમળનાળની પેરે વાળ્યો અને બાહુબળીએ પોતાનો હાથ લાંબો કર્યો તેને ભરત વાળવા ગયો પણ લગાર માત્ર ચસક્યો નહી, હીંડોળાની પરે ભરત લટકી રહ્યો તે દેખી દેવોએ કહ્યું કે એમાં પણ બાહુબળી જીત્યો અને ભરત હાર્યો. તે પછી મુષ્ટી યુદ્ધ કરવા લાગ્યા ત્યારે પ્રથમ તો બન્ને ભાઇ મલ્લોની

પેઠે ભુજાસ્ફોટ કરતા મળ્યા પછી ભરતે બાહુબળીને મુષ્ટી મારી તેથી બાહુબળી થોડીવાર આંખ્યો મીચી રહ્યો. પછી ભરતને દડાની માફક ઉપાડીને આકાશમાં ઉછાળી દીધો; પરંતુ ફરી અનુકંપા આણીને પાછો પોતાના હાથમાં પકડી એક મુઠી મારી તેથી ભરત જમીનમાં પેશી ગયો તે જોઈ દેવતા બોલ્યા કે એમાં પણ બાહુબળી જીત્યો અને ભરત હારી ગયો. પછી પાંચમું દંડયુદ્ધ કરવા માંડયું. ત્યા પ્રથમ તો ભરત મહારાજ લોહદંડ લેઈને બાહુબળીને માર્યો તેથી બાહુબળીનો મુકટ માટીના ઘટ (ઘડા, ની પેરે ચુર્ણ થઇ ગયો અને બાહુબળી ગુડા સુધી જમીનમાં પેશી ગયો, પછી જમીનમાંથી બહાર નિકળીને બાહુબળીએ પણ લોહદંડ માર્યો તેથી ભરતનો મુકુટ ચુર્ણ થઇ ગયો અને ભરત મહારાજનું સંપૂર્ણ સર્વ શરીર ધરતીમાં પેશી ગયું તે જોઈ દેવતાએ કહ્યું કે આ યુદ્ધમાં પણ બાહુબળી જીત્યો અને ભરત હાર્યો.

એમ પાંચે યુદ્ધ ભરત હાર્યો ત્યારે ચિંતાતુર થયો થકો વિચાર કરવા લાગ્યો જે મહારૂં રાજ્ય એ લેઇ લેશે! આતે વળી કોઇ બીજો ચક્રવર્તિ થયો છે કે શું ? એવું ચિંતવી ચક્રને પોતાના હાથમાં લેઇ ભમાડીને પોતાની કરેલી પ્રતિજ્ઞાનો ભંગ કરી બાહુબળ ઉપર તે ચક્ર મુક્યું પણ પોતાના ગોત્રમાં ચક્ર ચાલે નહી તેથી તે ચક્ર આવી બાહુબળીને ત્રણ પ્રદક્ષણા આપી પાછું જઈ ભરતના હાથમાં આવી બેઠું. એવી રીતે ભરતે જ્યારે પ્રતિજ્ઞાનો ભંગ કર્યો તે જોઇ બાહુબળીને અત્યંત ક્રોધ ચઢી ગયો તેથી ભરતની ઉપર મુષ્ટી ઉ-

પાડીને મારવા ચાલ્યો. ત્યારે દેવતા બોલ્યા વિચાર કરો. તે સાંભળી બાહુબળીએ જાણ્યું જે ધિક્કાર છે આ રાજ્યને કે, જેના લીધે મહેટા ભાઇને પણ મારવાનો વિચાર થયો. એવી રીતે વૈરાગ્ય પામીને બાહુબળે પોતે ભરતને મારવા માટે જે મુઠ વાળી હતી તે મહોટા પુરૂષની મુઠી પાછી ફરે નહી તેણે કરીને ભરતને મારવું મુકી દેઇ પોતાના મસ્તકે લોચ કરી દીક્ષા લઇને વિચરવા લાગ્યા તે વારે દેવતાઓએ ફૂલોનો વરસાદ વરસાવ્યો, અને ભરતરાજા પણ વિલાપ કરવા લાગ્યો કે મારા સર્વ ભાઇયો દીક્ષા લેઇને જતા રહ્યા. પછી બાહુબળીના પુત્ર સોમયશને તિક્ષશિલાનગરીનું રાજ્ય આપી ભરતરાજા અયોધ્યાનગરીમાં આવ્યા.

હવે બાહુબળી સાધુએ વિચાર્યું જે મહારા ન્હાના અઠાણું ભાઇએ પ્રથમ શ્રી ઋષભદેવજીની પાસેથી દીક્ષા લીધેલી છે તે કેવળી થયા છે માટે હમણાં હું ભગવાનના સમવસરણમાં જઇશ તો ન્હાના ભાઇઓને વંદના કરવી પડશે. માટે હું અહીંયાંજ કાઉસગ્ગે રહી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી પછી પ્રભુ પાસે જઇશ. એવું ચિંતવી મનમાં અભિમાન ધારણ કરી ત્યાંજ કાઉસગ્ગે રહ્યા થકા એક વર્ષ વિતી ગયું, મસ્તક ઉપર વેલાઓ વીંટાઇ ગયા તેમને પ્રતિબોધવા માટે ઋષભદેવ સ્વામીએ બ્રાહ્મી અને સુંદરી, એ બે સાધ્વીઓને મોકલી. તે સાધ્વી ત્યાં આવી કહેવા લાગી કે હે ભાઇ તુમે ગજ ઉપરથી નીચે ઉતરો. હસ્તિ ઉપર આરૂઢ થયાથી કેવલજ્ઞાન ઉપજે નહી. એટલું તેમનું બોલવું સાંભળતાંજ પોતે જાણ્યું કે આ સાધ્વીઓ

કોઇવારે પણ જુઠું બોલે નહી, અને હાથી તો મારી પાસે નથી, પરંતુ અહંકારરૂપ હાથી ઉપર હું ચડેલો છું, એમ વિચારી માનનો ત્યાગ કરી ત્યાંથી પગ ઉપાડયો કે તરતજ કેવળજ્ઞાન પણ ઉપન્યું અને પ્રભુના સમવસરણમાં બીરાજ્યા.

હવે એક દિવશે ભગવાન અષ્ટાપદ પર્વત ઉપર સમોસર્યા ત્યારે ભરતમહારાજાએ વિચાર્યું કે, બીજું તો મહારાથી કાંઇ બનતું નથી પણ આ સર્વ સાધુઓને આહાર વહોરાવું તો લાભ પામું એમ જાણી પાંચસેં ગાડાં સુખડીનાં ભરી લાવ્યો અને ભગવાનને કહેવા લાગ્યો. સ્વામીજી આજના દિવશે આ સર્વ સાધુઓને આહાર કરાવવાનો હુકમ મહારે ઘેર થઇ જાય તો ઘણુંજ રૂડું થાય. ભગવાને કહ્યું આધાકર્મિક રાજ્યપિંડ સાધુઓને લેવું કલ્પે નહી, વળી સન્મુખ આહાર લઇ આવ્યો તે માટે સાધુઓએ લીધો નહી એવું જોઈ ભરતરાજા ચિંતવવા લાગ્યો જે હું તો સર્વ પ્રકારે ભક્તિ રહિત થયો, અને ઘણો સોચ કરવા લાગ્યો. તે જોઇ ઇંદ્રમહારાજે ભગવાનને પુછ્યું કે હે પ્રભુ ! અવગ્રહ કેટલા પ્રકારના છે ? તે સાંભળી ભગવાને કહ્યું કે, અવગ્રહ પાંચ પ્રકારના છે.

તેમાં એક ઇંદ્રનો અવગ્રહ, બીજો રાજેંદ્રનો અવગ્રહ, ત્રીજો ગ્રહપતિનો અવગ્રહ, ચોથો સાગારિકનો અવગ્રહ અને પાંચમો સાધર્મિકનો અવગ્રહ, એ પાંચ અવગ્રહ જાણવા.

તે સાંભળી ઇંદ્ર બોલ્યા કે, હું તો આપના સર્વ સાધુઓને મારા ક્ષેત્રમાં સુખે વિચરવાની આજ્ઞા આપું છું. તેવારે ભરતમહારાજે

કહ્યું કે, મહારી છ ખંડ પૃથ્વીમાં હું પણ આપના સર્વ સાધુઓને વિચરવાની આજ્ઞા આપું છું. એમ કહેવાથી ભરતને ઘણો સંતોષ થયો. વળી ભરતે ઇંદ્રને પુછ્યું કે, આહારનું હવે શું કરવું ? તે વારે ઇંદ્રે કહ્યું તમારાથી અધિક ગુણવાન હોય તેને આહાર જમાડો. ને પછી ભરતે પણ તે આહાર શ્રાવકોને જમાડ્યો.

હવે ભરતરાજા સદા સર્વદા શ્રાવકોને જમાડે છે. કેટલાએક કાળ પછી ઘણા જમનારા થયા તે વારે પરિક્ષા કરીને સર્વને સેલાણીના કાંગણી રત્નની જનોઇ આપી તથા દેવ, ગુરૂ, અને ધર્મરૂપ ત્રણ તત્વ સંબધી ત્રણ રેખા પ્રત્યેક શ્રાવકને કરી ત્યાંથી જનોઇ આપવાની ચાલ પડી. ઇહાં ઋષભદેવ સ્તુતિના ચાર વેદ થયા.

એકદા ભરતમહારાજાયે ઇંદ્રમહારાજને પુછ્યું કે તમારૂં ખરેખરૂં રૂપ કેવું છે ? ત્યારે ઇંદ્રે એક અંગુલી બતાવી તે મહાજવાલા માલાકુલ દેખીને ભરત ચમત્કાર પામ્યો. તીહાંથી વર્ષોવર્ષ ઇંદ્ર મહોત્સવ ચાલુ થયો.

હવે એક દિવસ ભગવંત વિનીતાએ આવ્યા. તેમને ભરત વાંદવા આવ્યો. પ્રભુએ દેશના દેઇ સંસારનું અનિત્યપણું દેખાડ્યું, જીવકર્મના ભારે કરી તુંમડાના દ્રષ્ટાંતે સંસારમાં બુડેછે, જેમ તુંબડાને માટી ચોપડી પાણીમાં મુકીયે તો હેઠું બેસે, તેમ આઠ કર્મે કરી જીવ ભારી થયો થકો હેઠો બેસે છે એવી ભગવાનની વાણી સાંભળી ભરત મનમાં વૈરાગ્ય પામ્યો, જ્ઞાનદશામાં લયલીન થયો એમ અનુક્રમે એકદા ભરતરાજા અરીસાભવનમાં બેઠા થકા અનિત્ય ભાવના ભાવના કેવળજ્ઞાન પામી મોક્ષ પહોચ્યાછે; પછી તેમને પાટે આદિત્ય

યશારાજા થયા તેણે સોનાની જનોઇઓ કરીને એમજ શ્રાવક જ-માડયા તેના પાટે મહાયશારાજા થયો તેણે રૂપાની જનોઇઓ કરીને શ્રાવક જમાડયા. એમ આઠ પાટ લગે શ્રાવક જમાડયા છે. તેમાં કેટલાએક રાજાએ સુત્રની જનોઈ કરી જમાડયા છે, પછી તે જ-નોઇના પહેરનાર સર્વ બ્રાહ્મણ કહેવાણા.

ભરતના પાટે આદિત્યયશા, તેના પાટે મહાયશા, તેને પાટે અભિબલ, તેને પાટે બલભદ્ર, તેને પાટે બળવીર્ય, તેને પાટે કીર્તિ-વીર્ય, તેને પાટે જલવીર્ય, તેને પાટે દંડવીર્ય, એ આઠે રાજાએ ભ-ગવંતનો મુકુટ પહેર્યો અને એ આઠે રાજા અરીસાભવનમાં કેવળી થઇ મોક્ષે ગયા છે.

ભગવાન શ્રી ઋષદેવજી એક લાખ પૂર્વ પર્યંત વિચરીને ઘણા જીવોને પ્રતિબોધ્યા.

હવે શ્રી ઋષભદેવ સ્વામીના પરીવારનું વર્ણન કરેછેઃ—ઋષ-ભનાથજીને ઋષભસેન આદે દેઇને ચોરાશી ગણધર થયા. તથા ઋ-ષભસેન પ્રમુખ ચોરાશી હજાર સાધુઓની ઉત્કૃષ્ટી સંપદા થઇ તથા બ્રાહ્મી અને સુંદરી આદે દેઇને ત્રણ લાખ સાધ્વીઓની ઉત્કૃષ્ટી સં-પદા થઇ. તથા શ્રેયાંસ આદે દેઇને ત્રણ લાખ ને પાંચ હજાર શ્રા-વકોની ઉત્કૃષ્ટી સંપદા થઇ. તથા સુભદ્રા આદે દેઇને પાંચ લાખને ચોપન હજાર શ્રાવીકાઓની ઉત્કૃષ્ટી સંપદા થઇ. તથા ચાર હજાર સાતસો ને પચાશ ચૌદ પૂર્વધર તે કેવળી નહી પણ કેવળી સરખા સાધુઓની ઉત્કૃષ્ટી સંપદા થઇ. તથા ઋષભનાથ અરિહંતને નવ હજાર અવધિજ્ઞાનીની સંપદા થઇ. તથા વીસ હજાર કેવળજ્ઞાનીની ઉત્કૃષ્ટી સંપદા થઈ. તથા બાર હજાર છસેંને પચાસ અઢીદ્વિપમાં

સંજ્ઞી પંચેંદ્રાય પર્યાપ્તાજીવોના મનના પરિણામને જાણે એવા વિ-પુલમતિ, મનઃપર્યવજ્ઞાનના ધરનાર સાધુઓની ઉત્કૃષ્ટી સંપદા થઇ. તથા તેટલાજ વાદી જાણવા. એટલે બાર હજાર છસેને પચાસ વાદી સાધુઓની ઉત્કૃષ્ટી સંપદા થઇ. તથા વીસ હજાર સાધુ સિદ્ધ થયા. ચાળીસ હજાર સાધ્વી સિદ્ધ થઇ. શ્રી ઋષભનાથ અરિહંત કૌશલિકને બાવીશ હજારને નવસેં સાધુઓ અનુત્તર વિમાને ગયા, એકાવતારી થયા. શ્રી ઋષભદેવ અરિહંતને બે પ્રકારે અંતગડ ભૂમિ થઇ. તિહાં યાવત્ અસંખ્યાતા પાટ લગે કેવળજ્ઞાન ચાલ્યો, મોક્ષમાર્ગ વહ્યો; તે યુગંતકૃત ભૂમિ કહેવાય અને ભગવાનને કેવળ-જ્ઞાન ઉપન્યા પછી અંતર મુહુર્ત કાળ વિતે કોઇ મોક્ષે ગયો એટલે અંતર મુહુર્ત પછી મરૂદેવી માતા મોક્ષ તે પર્યાયાંતકૃત ભૂમિ કહેવાય.

તે કાળને વિષે, શ્રી ઋષભનાથ અરિહંત વીશ લાખ પૂર્વ સુધી કુમારપણે રહ્યા. અને ત્રેશઠ લાખ પૂર્વ રાજ્યાવસ્થામાં રહ્યા, એવી રીતે ત્યાસી લાખ પૂર્વ ઘરવાસે રહ્યા, શીતેર લાખ ક્રોડ વર્ષની ઉપર બીજા છપન્ન હજાર વર્ષ છદ્મસ્થપણે રહ્યા તથા એક હજાર વર્ષ ઉણા એક લાખ પૂર્વ કેવળી પર્યાય સંપૂર્ણ એક લાખ પૂર્વ સાધુપણું પાળીને ભવોપગ્રાહી ચાર કર્મનો ક્ષય કરી આ અવસર્પિ-ણીનો સુખમદુખમા નામા ત્રીજો આરો તે ઘણો વિતી ગયો બાકી ત્રણ વર્ષને સાડા આઠ મહિના શેષ રહ્યા તેવારે શીતકાળનો ત્રીજો મહિનો, પાંચમું પખવાડીયું માઘવદિ તેરશને દિવસે અષ્ટાપદ પર્વતની ઉપર દશ હજાર સાધુઓની સાથે છ ઉપવાસ પાણી રહિત કીધેથકે, અભીચ નક્ષત્રે ચંદ્રમાનો યોગ આવે છતે પ્રથમ પહોરની પાછલી બપોરની વખતે, પાલખીવાળેલા આસને બેઠા થકાં કાળગત થયા, યાવત્ સર્વ દુઃખ થકી રહિત થયા.

તે અવસરમાં શક્રેંદ્રનું આસન ચલાવમાન થયું. તે વખતે આંખોમાં આંસુ ભરાણાં થકો ઇહાં આવ્યો, આવીને ભગવાનને ત્રણ પ્રદક્ષણા દેઇ, નમસ્કાર કરી, યોગ્ય સ્થાનકે બેઠો, બીજા પણ સર્વ ઇંદ્રો આવીને બેઠા પછે શક્રેંદ્રે દેવોને મોકલી નંદન વનમાંથી ચંદન મંગાવ્યું તેની ત્રણ ચય બનાવી એક ભગવાનના શરિરને માટે, બીજી ગણધરોના શરિરને માટે અને ત્રીજી સર્વ સાધુઓના શરિરને માટે. વળી અભિયોગિક દેવોની પાસે ક્ષીરસમુદ્રનું પાણી મંગાવી શક્રેંદ્રે ભગવાનના શરિરને સ્નાન કરાવ્યું, સર્વ વસ્ત્ર, ઘરેણાં પ્રમુખ પહેરાવ્યાં. પછી ત્રણ પાલખી કરી. તિહાં એક પાલખીમાં ભગવાનનું શરિર, એકમાં ગણધરોનું શરિર અને એકમાં મુનિઓનાં શરિરને મૂકી શુદ્ધ ભૂમિયે લઇ જઇને ચિતાની પાસે પાલખીઓ રાખી. વળી શક્રેંદ્રે ભગવાનના શરિરને પાલખીમાંથી લઇને ચિતામાં મૂક્યું. તથા અન્ય દેવોએ બીજા ગણધરાદિકના શરિરને પાલખીમાંથી ઉતારીને ચિતામાં મુક્યાં. તથા શક્રેંદ્રના હુકમથી અગ્નિકુમાર દેવો મનમાંહિ ઉદાશ થયા થકા ચિતામાં અગ્નિ સળગાવવા લાગ્યા, તથા વાયુકુમાર દેવો પણ ઉદાશ થઇ વાયુ ચલાવવા લાગ્યા, વળી બીજા દેવો ચિતામાં ઘૃત પ્રમુખને સીંચવા લાગ્યા, પછે જેવારે માત્ર હાડકાંજ શેષ રહે અને બીજો શરિરનો ભાગ સર્વ બળીને ભસ્મ થઇ જાય ત્યારે મેઘકુમાર દેવો વરસાદ વરસાવીને ચિતાને બુઝાવી નાંખે

પછી શક્રેંદ્ર ભગવાનની ઉપરની જમણી બાજુની દાઢા લીયે અને ઇશાનેંદ્ર ઉપરની ડાબી બાજુની ડાઢા લીયે તથા ચમરેંદ્ર નીચલી જમણી બાજુની ડાઢા લીયે અને બલેંદ્ર નીચેની ડાબી બાજુની ડાઢા લીયે તથા બીજા દેવતા જે છે તેમાંથી કેટલાએક તો જિન ભક્તિ-

ના વશ થકી, કેટલાએકતો આપણો આચાર છે એવું માનીને, કેટલાએક તો ધર્મ માનીને પરમેશ્વરનાં અંગોપાંગના સર્વ હાડકાં લઇ લીયે. પછી શક્રેંદ્ર જે સ્થાનકે ડાગ દેવાણો હોય તે સ્થાનકે રત્નોનાં ત્રણ પીઠ બનાવે એટલું કરીને સર્વ દેવો નંદીશ્વરદ્વિપને વિષે જઇ અઠાઇમહોત્સવ કરીને પોતપોતાને સ્થાનકે જાય અને દાઢા પ્રમુખ જે લઇ આવ્યા હોય તે પોતપોતાની સભાને વિષે મજ્જમયી ડાબડામાં જઇ રાખે. તેને ગંધ માલાદિકથી પૂજે, ધુપ દે, એ પ્રકારનો પ્રભુનો નિર્વાણ મહોત્સવ દેવતાએ કર્યો.

આ ગ્રંથમાં જે કાંઇ ભુલચુક રહી હોય તે વાંચનાર સાહેબો માફ કરી સુધારી વાંચશો.

**સમાપ્ત.**